



સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે.
૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે.
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલલભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો.
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવનભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદઘોષ કરી રહી છે.

## આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો

### મુખ્ય કાર્યક્રમો

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ | સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન
સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

“સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.”
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**

“સોમનાથ એ આપણી અજેય સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે. આવો, આ દિવ્ય વિરાસતના ૭૫ વર્ષની ઉજવણીમાં સહભાગી થઈએ.”
— હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી

સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને
ગૌરવશાળી ઇતિહાસનો ભાગ બનો.
**સ્કેન કરો.**

મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાના અધ્યક્ષસ્થાન

# બગસરા નાગરિક શરાફી મંડળની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગ મળી

**નિસ્વાર્થ સેવા આપતા ડિરેક્ટરો અને એડવાઈઝરી બોર્ડના સભ્યોનું સન્માન કરાયું**

બગસરા,તા.૦૭

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની ૪૨મી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગ સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ મંડળીએ ગુજરાતની ૬૭૬૯ શરાફી મંડળીઓમાંથી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને એક નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. વર્ષ ૨૦૨૫/૨૬ના અંતે મંડળીનું કુલ ટર્નઓવર રૂા. ૭૨૦ કરોડ રહ્યું છે અને સંસ્થાએ રૂા. ૭.૭૨ કરોડનો મસમોટો ચોખ્ખો નફો હાંસલ



કર્યો છે. સૌથી મહત્વની બાબત એ છે કે કડક કાનૂની પગલાં અને સુસંચાલનને કારણે મંડળીનું એન.પી.એ. શૂન્ય ટકા રહ્યું છ.

સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને મંડળીએ શેર ભંડોળ પર ૧૬% ડિવિડન્ડની જાહેરાત કરી છે. મંડળી અત્યારે બગસરા, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં નવ શાખાઓ સાથે કાર્યરત છે. કર્મચારીઓના કલ્યાણ માટે ૧૮ હંગામી સ્ટાફને કાયમી કરવાનો અને કાયમી સ્ટાફને ઈન્ક્રીમેન્ટ આપવાનો ઐતિહાસિક નિર્ણય પણ લેવામાં આવ્યો છે. નિસ્વાર્થ સેવા આપતા ડિરેક્ટરો અને એડવાઈઝરી બોર્ડના સભ્યોને સ્મૃતિ ચિહ્ન આપી સન્માનિત કરાયા હતા.

# ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે લીલીયામાં આવેદન

અમરેલી,તા.૦૭

સમગ્ર ભારતમાં ચાલી રહેલા ઐતિહાસિક 'ગૌ સમ્માન આહ્વાન અભિયાન' અંતર્ગત આજે અમરેલી જિલ્લાના લીલીયા મોટા ગૌ માતાને રાષ્ટ્રીય સ્તરે સન્માન અને સુરક્ષા મળે તે હેતુથી મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિના પ્રાણ અને કરોડો લોકોની આસ્થાનું કેન્દ્ર એવી ગૌ માતાના સન્માન માટે ચાલી રહેલા આ આંદોલનમાં લીલીયા તાલુકો સક્રિય રીતે જોડાયો છે.



લીલીયા ખાતે વડવાળા હનુમાન મંદિરથી રેલીનો પ્રારંભ થયો હતો, જેમાં વૃંદાવનના સંતો અને સ્થાનિક સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ અભિયાન દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ સુધી લોકભાવના પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ રાષ્ટ્ર યજ્ઞના ત્રણ મુખ્ય લક્ષ્યોમાં ગૌ હત્યા મુક્ત ભારત, ગૌ માતાને 'રાષ્ટ્ર માતા'નો બંધારણીય દરજ્જો અને સ્વતંત્ર 'ગૌ સેવા મંત્રાલય'ની સ્થાપનાનો સમાવેશ થાય છે.

# રાજુલાતાલુકાનાકુંડલીયાળામાંચૂંટણીની અદાવતમાંજાનથીમારીનાખવાનીધમકી

રાજુલા,તા.૦૭

રાજુલા તાલુકાના કુંડલીયાળા ગામે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જૂની અદાવતને લીધે મારામારી અને ધમકીનો બનાવ સામે આવ્યો છે.

ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે થયેલી આ તકરાર પોલીસ મથક સુધી પહોંચી હતી. આ અંગે ભાવેશભાઈ રાઘવભાઈ મકવાણા (ઉ.વ.૩૦) એ હિતેષભાઈ કિશોરભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, કુંડલીયાળા ગામમાં રહેતા અને ભાજપના કાર્યકર તરીકે સક્રિય ફરિયાદી અને તેમના કાકાએ ગત જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો.

આ ચૂંટણીમાં તેમના વિસ્તારમાં કોંગ્રેસની હાર થતા સામા પક્ષના કાર્યકરે મનદુઃખ રાખ્યું હતું. આ જૂની અદાવતમાં આરોપીએ પોતાની ફોર-વ્હીલ ગાડી લઈને ફરિયાદી પાસે આવી જાહેરમાં ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નારીજાગૃતિલોકકલ્યાણફાઉન્ડેશન અમરેલી દ્વારા પ્રકૃતિ સંરક્ષણ અભિયાન

અમરેલી,તા.૦૭

અમરેલી સ્થિત નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશન દ્વારા મહિલા સશક્તિકરણ અને બાળ વિકાસની સાથે પર્યાવરણ સુરક્ષા માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવી રહ્યું છે. સંસ્થાના ટ્રસ્ટી નયના વિષ્ણુસ્વામી અને તેમની ટીમ દ્વારા સાસણ ગીર ખાતે વન્યજીવ



જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રવાસ દરમિયાન પ્રવાસીઓને વન્ય પ્રાણીઓ સાથેનું યોગ્ય વર્તન સમજાવી પ્લાસ્ટિકના જોખમો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. જામનગર અને અમરેલીની ટીમ તેમજ વિવિધ જ્વેલર્સના સહયોગથી આ કાર્યક્રમ ભવ્ય બન્યો હતો. વન વિભાગના સહકાર સાથે નારી શક્તિએ 'જળ બચાવો, પર્યાવરણ બચાવો' અને વન્ય જીવોના જતનનો મજબૂત સંદેશ જનતા સુધી પહોંચાડ્યો હતો.

# ખાંભામાં 'ગો સન્માન આહ્વાન અભિયાન' અંતર્ગત મામલતદારને આવેદન

અમરેલી,તા.૦૭

ખાંભા ખાતે ગૌરક્ષા અને ગૌ સેવાના ઉમદા હેતુ સાથે 'ગો સન્માન આહ્વાન અભિયાન' અંતર્ગત એક વિશાળ કાર્યક્રમ યોજાયો હતો. ગુરૂવારે ખાંભા તાલુકાના વિવિધ સંતો-મહંતો અને ૨૦૦થી વધુ સમર્પિત ગૌભક્તોએ એકઠા થઈને મામલતદાર કચેરી ખાતે પોતાની માગણીઓ બુલંદ કરી હતી. મહામહિમ રાષ્ટ્રપતિને સંબોધિત આવેદનપત્ર મામલતદારને સોંપવામાં આવ્યું હતુ જેમાં મુખ્યત્વે ગૌવંશને ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૪૮ મુજબ રાષ્ટ્રમાતાનો સંવૈધાનિક



દરજ્જો આપવાની પૂરજોર માગ કરવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારમાં અલગ ગૌસેવા મંત્રાલયની સ્થાપના થાય અને ગૌ હત્યા જેવા જઘન્ય અપરાધ સામે કડક કાયદો લાવી તેને આજીવન કેદની સજા સાથેનો ગૈર-જમાનતી ગુનો ગણવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી. આ પ્રસંગે ૨૬૮ નાગરિકોના સહીવાળા પત્ર દ્વારા ગ્રામ્ય કક્ષાએ નંદીશાળા અને જિલ્લા મથકે ગૌ અભયારણ્ય બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમગ્ર ખાંભા પંથક 'ગૌ માતા રાષ્ટ્ર માતા' અને 'ગૌ સેવા ગૌ સુરક્ષા'ના પવિત્ર નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

અંજનાબેન રામશંકરભાઈ જાની (ઉ.વ૬૦) તે રામશંકરભાઈ બાબુલાલ જાની ના પત્ની અને જયંતીભાઈ બાબુલાલ જાની અને સ્વ.રાજેશકુમાર બાબુલાલ જાની ના ભાભી અને વિજયભાઈ રામશંકરભાઈ ( ગોલ્ડન દાદા ) ના માતૃશ્રી નું તા.૬/૫/૨૬ બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગત નુ બેસણું તા.૮/૫/૨૬ ને શુક્રવાર ના રોજ સવારે ૮:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને નેસડીરોડ ગોકુલનગર " શિહોરીકૃપા" બાપાસીતારામ ની મઢુલી ની સામે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

કમળાબેન વાલજીભાઈ લાડવા (ઉ.વ ૯૨) તે કાંતિભાઈ વાલજીભાઈ લાડવા અને ભગવાનભાઈ વાલજીભાઈ લાડવા અને ભરતભાઈ વાલજીભાઈ લાડવા કનુભાઈ વાલજીભાઈ લાડવા ના માતૃશ્રી નું તા.૪/૫/૨૬ સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગત નુ બેસણું તા ૮/૫/૨૬ શુક્રવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ વાડી પારેખવાડી કોર્નર સાવરકુંડલા ખાતે રાખે છે.










### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૮૫/૨૦૨૬

અરજદાર : શ્રી વિંજુડા ભીખાભાઈ બીજલભાઈ
સરનામુ : મું.છેલણા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - છેલણા
મું.છેલણા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** છેલણા ગામના **શ્રી વિંજુડા ભીખાભાઈ બીજલભાઈ** એ તેમના **ભાઈ નામે શ્રી ડાયાભાઈ બીજલભાઈ વિંજુડા નું મરણ** તા.૨૪/૦૪/૨૦૧૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૩ માહે.માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૩/૦૩/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૭૫/૨૦૨૬

અરજદાર : શ્રી અમરૂભાઈ નાગભાઈ વરૂ
સરનામુ : મું.નવી જીકાદ્રી, તા.જાફરાબાદ, જિ.અમરેલી, મો.૯૦૧૬૭૭૪૬૫૧

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - નવી જીકાદ્રી
મું.નવી જીકાદ્રી, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** નવી જીકાદ્રી ગામના **શ્રી અમરૂભાઈ નાગભાઈ વરૂ** એ તેમના **પુત્ર નામે બાબાભાઈ અમરૂભાઈ વરૂ નું મરણ** તા.૨૭/૦૭/૨૦૨૩ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૩ માહે.માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૧૩/૦૩/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૦૬/૨૦૨૬

અરજદાર : શ્રી શિયાળ ભરતભાઈ રણછોડભાઈ
સરનામુ : મું.બાબરકોટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું.બાબરકોટ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** બાબરકોટ ગામના **શ્રી શિયાળ ભરતભાઈ રણછોડભાઈ** એ તેમના **પુત્રી નામે શ્રી શિયાળ લક્ષ્મીબેન ભરતભાઈ નો જન્મ** તા.૦૧/૦૮/૨૦૦૬ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૫ માહે.માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૦૧/૨૦૨૬

અરજદાર : શ્રી સાંખટ સકુરભાઈ વીરાભાઈ
સરનામુ : મું.મીતીયાળા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મીતીયાળા
મું.મીતીયાળા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** મીતીયાળા ગામના **શ્રી સાંખટ સકુરભાઈ વીરાભાઈ** એ તેમના **બહેન નામેશ્રી સતીબેન વીરાભાઈ સાંખટ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૭૦ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૫ માહે.મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# ખાંભા-ચલાલા રોડ પર વન વિભાગની ટીમે બિનકાયદેસર લાકડા ભરેલો ટ્રક ઝડપી પાડ્યો

ખાંભા,તા.૦૭

ખાંભા-ચલાલા રોડ પર રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન આર.એફ.ઓ. નકુમ અને વન વિભાગની ટીમે બિનકાયદેસર લાકડાની હેરાફેરી કરતા એક ટ્રકને ઝડપી પાડી પ્રશંસનીય કામગીરી કરી છે. ગીર ગઢડા પંથકમાંથી લીમડા, વડલા અને કાતરીના આટકાટ લાકડા ભરીને રાજકોટ તરફ જઈ રહેલા ટ્રક (GJ ૦૪ AX ૪૨૩૫) ને મહાદેવ હોટેલ પાસે શંકાસ્પદ હાલતમાં અટકાવવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે આરોપી મુસ્તાકભાઈ હુસેનભાઈ સામેજા (રહે. જામવાળા) કોઈપણ પ્રકારની પરવાનગી વગર આ લાકડાનું વહન કરી રહ્યો હતો.



વન વિભાગે તુલસીશ્યામ રેન્જની પીપળવા રાઉન્ડ કચેરી ખાતે ગાડી ડિટેઈન કરી ગુનો નોંધ્યો છે અને પ્રાથમિક તબક્કે ૨૫,૦૦૦ રૂપિયાની એડવાન્સ રિકવરી વસૂલ કરી છે. નોંધનીય છે કે આર.એફ.ઓ. નકુમના નેતૃત્વમાં છેલ્લા ત્રણ મહિનામાં પકડાયેલી આ ૧૫મી ગાડી છે, જે લાકડાચોરો સામેની કડક કાર્યવાહી દર્શાવે છે.

# શ્રી ભોજલરામ નાગરીક સહકારી મંડળી દ્વારા મૃત્યુ સહાયનો ચેક અર્પણ

અમરેલી,તા.૦૭

શ્રી ભોજલરામ નાગરીક શરાફી સહકારી મંડળી લિમિટેડના એક સભાસદનું દુઃખદ અવસાન થતા સંસ્થા દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે તેમના પરિવારને આર્થિક ટેકો પૂરો પાડવામાં આવ્યો છે. આ પ્રસંગે મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડીયા તથા અગ્રણીઓ સર્વે મૃગેશભાઈ



કોટડિયા, દલસુખભાઈ ભેસાણીયા, જયેશભાઈ પટેલ, જીતુભાઈ વઘાસીયા, ફુલાભાઈ કોરાટ, રામભાઈ ગજેરા અને બાબુભાઈ બાબરિયાની ઉપસ્થિતિમાં મૃતક સભાસદના વારસદાર મીનાબેન રમણીકભાઈ કોરાટને રૂ. ૧,૫૦,૦૦૦/-નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ શોકગ્રસ્ત પરિવારને મળીને સાંત્વના પાઠવી હતી. મંડળીના સેક્રેટરી ક્રિનલબેન ગેડીયાએ અખબારી યાદીમાં સંસ્થાની આ સેવાકીય પ્રવૃત્તિની વિગતવાર માહિતી આપી હતી.


**કારની હેડલાઇટના પ્રકાશે ડરેલો સિંહ પોતાનો જીવ બચાવવા રસ્તા પર ભાગતો જોવા મળ્યો**

# અમરેલી જિલ્લામાં સિંહની પજવણીનો વીડિયો વાયરલ થતા રોષ

**પજવણી કરનારાઓની શોધખોળ કરવા એસીએફ સહિત ચાર વન અધિકારીઓની ટીમ બનાવી**

અમરેલી,તા.૦૭

એશિયાટિક સિંહોના ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં સિંહની પજવણીનો એક અત્યંત શરમજનક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેણે વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ ફેલાયો છે. આ



પ્રતિકાત્મક

વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે રાત્રિના સમયે રેવન્યુ વિસ્તારના માર્ગ પર કેટલાક શખસો પોતાની કાર સિંહની પાછળ બેફામ રીતે દોડાવી રહ્યા છે. કારની હેડલાઈટના પ્રકાશે ડરેલો સિંહ પોતાનો જીવ બચાવવા રસ્તા પર ભાગતો જોવા મળે છે, જે દૃશ્યો ગીરના રાજાની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા કરે છે.આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લેતા વનવિભાગ હાલમાં આ વીડિયો કયા ચોક્કસ વિસ્તારનો છે અને ગુનેગારો કોણ છે તેની ટેકનિકલ તપાસ કરી રહ્યું છે

**વનવિભાગ દ્વારા ટીમ બનાવવામાં આવી**

સિંહની પજવણીનો વીડિયો વાયરલ થતા ધારી ગીર પૂર્વના ડીસીએફ વિકાસ યાદવે તપાસના આદેશ આપ્યા છે અને જણાવ્યું છે કે આ પ્રકારની પજવણી રોકવા માટે હવે વનવિભાગને સાયબર સેલની ટ્રેનિંગ આપવી અનિવાર્ય બની છે. આ મામલે ઉના એસીએફ અને ત્રણ આરએફઓની એક વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી છે.

# સા.કુંડલામાં પત્નીના પ્રેમસંબંધ અને રિસામણાથી વ્યથિત પતિએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલા શહેરમાં કૌટુંબિક કલેશ અને પ્રેમસંબંધની શંકાના કારણે એક કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. પત્નીને પડોશી સાથેના પ્રેમસંબંધ બાબતે ઠપકો આપતા તે રિસામણે પિયર ચાલી ગઈ હતી, જેનું મનમાં લાગી આવતાં પતિએ ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરી લીધી હતી.લાલજીભાઈ બાલુભાઈ મોલાડીયા (ઉ.વ. ૩૮) એ જાહેર કર્યા મુજબ, વિજયભાઈ બાલુભાઈ મોલાડીયા (ઉ.વ. ૩૫)ને તેમની પત્નીના પાડોશમાં રહેતા એક શખ્સ સાથે પ્રેમસંબંધ હોવાની જાણ થઈ હતી. આ બાબતે પતિએ પત્નીને સમજાવવા પ્રયાસ કરી ઠપકો આપ્યો હતો. જોકે, પત્નીએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે પતિ સાથે ઝઘડો કર્યો હતો અને પિયર ચાલી ગઈ હતી. પત્નીના આવા વર્તન અને ઘરકંકાસથી યુવક માનસિક રીતે ભાંગી પડ્યો હતો. અંતે, આત્મઘાતી પગલું ભરતા યુવકે ઝેરી દવા પી લીધી હતી. તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયામાં ભાજપ કાર્યકરોએ ત્રણ રાજયોની જીતને કેસરીયો ફરકાવી ઉજવણી કરી

**સરદાર પટેલની પ્રતિમા પાસે કાર્યકરોએ ફટાકડા ફોડી જીતને વધાવી**

વડિયા, તા. ૦૭

ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના શાનદાર વિજયને વધાવવા માટે વડિયા અને કુંકાવાવ તાલુકા ભાજપ દ્વારા વિજય સરઘસ અને ફટાકડા ફોડીને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વડિયા



બસ સ્ટેન્ડ પાસે સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે એકત્ર થયેલા કાર્યકરોએ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના ગગનભેદી નારા લગાવ્યા હતા. આ પ્રસંગે શૈલેષ ઠુમ્મર, તુષાર ગણાત્રા અને અન્ય આગેવાનોએ એકબીજાનું મોઢું મીઠું કરાવીને જીતની ખુશી વ્યક્ત કરી હતી. કાર્યકરોએ આ જીતને પક્ષના નેતૃત્વ અને વિચારધારા પર જનતાના અતૂટ વિશ્વાસનું પરિણામ ગણાવ્યું હતું.

# લાઠી માર્કેટયાર્ડ ખાતે વાહનો પર રેડિયમ પટ્ટા લગાવવાની કામગીરીનો પ્રારંભ

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં આર.ટી.ઓ. વિભાગ દ્વારા જનજાગૃતિ લાવવા માટે રોડ સેફ્ટીની વિવિધ પ્રવૃત્તિઓ વેગવંતી બનાવવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે ગતરોજ લાઠી માર્કેટિંગ યાર્ડ ખાતે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટ્રેક્ટર, સનેડા, ટ્રેલર અને છકડા જેવા આશરે ૫૦ જેટલા વાહનો પર વિનામૂલ્યે લાલ અને પીળા રંગના રેડિયમ પટ્ટા લગાવવામાં આવ્યા હતા.



જિલ્લાના તમામ તાલુકા મથકોના એ.પી.એમ.સી. ખાતે આવા કેમ્પ યોજવાનું આયોજન છે. ગ્રામ્ય વિસ્તારના સાંકડા રસ્તાઓ પર રાત્રિના સમયે પૂરતી લાઈટ હોતી નથી અને ખેતીવાડીના વાહનોમાં પાછળની લાઈટોનો અભાવ હોય છે, જેના કારણે પાછળથી આવતા ઝડપી વાહનોને તે દેખાતા નથી અને ગંભીર અકસ્માતો સર્જાય છે. આ પટ્ટા લગાવવાથી રાત્રિના અંધકારમાં વાહનોની દૃશ્યતા વધશે અને સંભવિત જીવલેણ અકસ્માતો નિવારી શકાશે તેવું એ.આર.ટી.ઓ. અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# નારાયણ નગર ગામેથી ૪ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં પોલીસ સતત પ્રોહિબિશનની પ્રવૃત્તિ સામે લાલ આંખ કરી રહી છે. નારાયણ નગર ગામેથી એક મહિલાના રહેણાંક મકાનમાંથી ૪ લીટર દેશી દારૂ પકડાયો હતો. જ્યારે પાંચ ઈસમો વિવિધ સ્થળેથી કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


શું તમને સાંભળવાની તકલીફ છે ?



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



સ્પે. વેકેશન બેચ સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



ધો. - ૧૨ A1 ગ્રેડને 25% ધો. ૧૧ - ૧૨ બન્ને વર્ષની
A2 ગ્રેડને 25% ધો. - ૧૧ એક વર્ષની ભરેલ ફી શરતી પરત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad045



શ્રેષ્ઠ શિક્ષણ... શ્રેષ્ઠ પરિણામ...
વિનાયક કોમર્સ કલાસીસ
: ઉચ્ચતર માધ્યમિક વિભાગ : ધોરણ 11-12 (આંકડાશાસ્ત્ર અને એકાઉન્ટ)
વ્યાજબી ફી | ઉત્તમ શિક્ષણ
: કોલેજ વિભાગ : B.Com. - M.Com. (એકાઉન્ટ)
સંપર્ક : ડૉ. એન.વી. ગજેરા (M.Com., M.Ed., Ph.D.)
Mo. 91061 56315 | 99098 09856
સ્થળ : 8, શિવશક્તિ કોમ્પલેક્ષ, લાઠી રોડ, અમરેલી.





BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.





અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



राष्ट्रीय मुक्त विद्यालयी शिक्षा संस्थान
National Institute of Open Schooling
100 % પાસ માન્ય સંસ્થા
LAKSHYA EDUCATION
ધો.10 અને 12 નાપાસ વિધાર્થી ને પાસ થવા એક તક
NIOS બોર્ડ માં પરિક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો અને
10 ને 12 પાસ કરી SI,ANM, GNM, BSC અને D PHARMA માં એડમિશન મેળવો



એડમિશન માટે
LAKSHYA EDUCATION
7043819956
બીજો માળ ટાઉન હોલ શોપિંગ સેન્ટર ભીડભંજન મંદિર સામે અમરેલી



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# ખાંભાના કંટાળા ગામે રૂડાબાપાના મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

ખાંભા,તા.૦૭

ખાંભા તાલુકાના કંટાળા ગામે આવેલ રૂડાબાપાના મંદિરમાં થયેલ ચાંદીના છત્તરની ચોરીનો ભેદ ઉકેલવામાં ખાંભા પોલીસને મોટી સફળતા મળી છે. ગત એપ્રિલ માસમાં અજાણ્યા તસ્કરોએ મંદિરમાંથી ૨૪ નંગ ચાંદીના છત્તર, જેનું વજન આશરે ૬.૫૦૦ ગ્રામ અને કિંમત ૧,૪૦,૦૦૦ રૂપિયા હતી, તેની ચોરી કરી હતી. ખાંભા પોલીસ દ્વારા આ કેસની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સી.સી. ટી.વી. કેમેરામાં એક શંકાસ્પદ મોટરસાયકલ જણાઈ આવી હતી, જેના રજીસ્ટ્રેશન નંબરના આધારે ટેકનિકલ સોર્સની મદદથી તપાસ કરતા રાહુલ



મકવાણા (રહે. ગોંડલ)નામનો શખ્સ મળી આવ્યો હતો. આરોપીએ પૂછપરછમાં કબૂલાત કરી હતી કે તેણે ઈન્સ્ટાગ્રામ પર 'કંટાળા ગીર રૂડાબાપા ધામ' ની રીલ્સ જોઈ હતી, જેમાં મંદિરની અંદરની કિંમતી વસ્તુઓ અને આસપાસનો અવાવરું વિસ્તાર જોઈ તેણે ચોરીનો પ્લાન બનાવ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી ઓગાળેલ ચાંદીનું બિસ્કિટ કબજે કર્યું છે.

# વડિયા-સુરત એસ.ટી. બસ હોટલ પર પહોંચતા મુસાફરો સાથે ઉઘાડી લૂંટ

**વિભાગીય નિયામક દ્વારા હોટલ સંચાલક પર કડક કાર્યવાહી કરે તેવી મુસાફરોની માંગ**

વડિયા,તા.૦૭

વડિયાથી સુરત તરફ જતી ગુજરાત રાજ્ય પરિવહન નિગમની બસોમાં મુસાફરી કરતા લોકો અત્યારે બેવડી મુસીબતનો સામનો કરી રહ્યા છે. વડિયા સ્ટેશનથી સાંજે ૫:૧૫ કલાકે ઉપડતી બસ રાત્રે છેક ૧૧:૦૦ વાગ્યે જમવાના પોઈન્ટ પર પહોંચે છે. આટલા મોડા સમયે ભોજન વિરામ રાખવામાં આવતા વૃધ્ધો, મહિલાઓ અને ખાસ કરીને નાના બાળકોની હાલત કફોડી બની જાય છે. રાત્રિના સમયે મળતું ભોજન પણ મોંઘું અને અયોગ્ય હોવાની ફરિયાદો ઉઠી છે. સૌથી ગંભીર બાબત એ છે કે નિર્ધારિત જમવાના સ્થળ પર દુકાનદારો દ્વારા મુસાફરોની ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે. રૂ.૧૦ ની કિંમતની સામાન્ય વસ્તુ માટે રૂ.૨૦ અને રૂ.૧૫ ના આઈસ્ક્રીમ માટે રૂ.૩૦ જેવો બમણો ભાવ વસૂલવામાં આવે છે. આ લૂંટ અને અસુવિધા અંગે વડિયાના વરિષ્ઠ પત્રકાર ભીખુભાઈ વોરાએ સત્તાધીશોને લેખિતમાં જાણ કરી છે. તેમણે માંગ કરી છે કે જમવાના પોઈન્ટના સમયમાં ફેરફાર કરવામાં આવે અને એમ.આર.પી. કરતા વધુ ભાવ લેતા વેપારીઓ સામે કડક પગલાં ભરી મુસાફરોને આર્થિક અને શારીરિક ત્રાસમાંથી મુક્તિ અપાવવામાં આવે.

# ધારી પંથકની સગીરાને ફરવા જવાની લાલચ આપી યુવકે રાજકોટમાં દુષ્કર્મ આચર્યું

ધારી, તા.૦૭

ધારી પંથકની એક સગીરાને ફરવા જવાની લાલચ આપી દુષ્કર્મ આચરવામાં આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ બનાવ અંગે સગીરાના પિતાએ રાજકોટમાં રહેતા મૂળ ગીરગઢડાના ઉમેદપરા ગામના રૂપસિંહ ભોજુભા ગોહીલ (ઉ.વ.૨૩) સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદની વિગત મુજબ, આરોપી સગીરાને લલચાવી-ફોસલાવી, વાલીની મંજૂરી વગર અપહરણ કરી ગયો હતો. ત્યારબાદ આરોપી તેને રાજકોટની એક હોટલમાં લઈ ગયો હતો, જ્યાં તેની મરજી વિરુધ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી. આઈ. આર.વી. રાઠોડ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા સા.કુંડલા ખાતે સાધુ-સંતોની બેઠક મળી

સાવરકુંડલા,તા.૦૭

ભારતીય સંસ્કૃતિના પ્રાણ સમાન ગૌ માતાને રાષ્ટ્રીય સ્તરે સન્માન અને સુરક્ષા મળે તે હેતુથી સમગ્ર દેશમાં 'ગૌ સમ્માન આહ્વાન અભિયાન' વેગવંતુ બન્યું છે. તાજેતરમાં સાવરકુંડલા ખાતે વૃંદાવનના સંતો અને સ્થાનિક સાધુ-સંતોની અધ્યક્ષતામાં ગૌ પ્રેમી નાગરિકોની એક અગત્યની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગત ૨૭ એપ્રિલના રોજ દેશના



૫૭૩૩ તાલુકાઓમાં અપાયેલા પ્રાર્થના પત્રોની સફળતા બાદ હવે આજે ૦૭ મે ૨૦૨૬ના રોજ ગુજરાતના તમામ ૨૬૭ તાલુકા મથકો પર એકસાથે રાષ્ટ્રપતિને સંબોધીને આવેદન પત્ર આપવાનું આયોજન કરાયું છે. આ આંદોલનના મુખ્ય ત્રણ લક્ષ્યોમાં ભારતને ગૌ હત્યા મુક્ત બનાવવું, ગૌ માતાને 'રાષ્ટ્ર માતા'નો બંધારણીય દરજ્જો અપાવવો અને સ્વતંત્ર ગૌ સેવા મંત્રાલયની સ્થાપના કરવાનો સમાવેશ થાય છે. સાવરકુંડલામાં મહુવા રોડ પર આવેલા આવકાર રેસ્ટોરન્ટના મેદાનમાં સવારે ૧૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકોને ઉમટી પડવા અપીલ કરવામાં આવી છે. વધુમાં જનતા ૯૦૬૭૭૭૭૩૨૩ પર મિસ્ડ કોલ આપી આ રાષ્ટ્ર યજ્ઞમાં પોતાનું સમર્થન નોંધાવી શકે છે.

# લાઠીના કેરીયા ગામે ઘરના ફળિયામાંથી બાઈકની ચોરી

**મોટર સાયકલ હવે ઘરમાં પણ સલામત ન હોવાથી લોકોમાં રોષ**

લાઠી, તા. ૦૭

લાઠીના કેરીયા ગામે ઘરના ફળિયામાંથી બાઈકની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. જગદીશભાઈ ધીરૂભાઈ ગામી (ઉ.વ. ૪૫)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યો ચોર શખ્સ તેમના ઘરના ફળિયામાં પ્રવેશ કરી ત્યાં પાર્ક કરેલું બાઈક ચોરીને ફરાર થઈ ગયો હતો.

સુરત પાસિંગના આ બાઈકની કિંમત અંદાજે રૂ. ૩૦,૦૦૦ આંકવામાં આવી છે. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક કરવો ભારે પડ્યો**

# મોટા આંકડિયાના પિતા-પુત્ર સાથે ટ્રેડિંગના નામે રૂ.૫૭.૯૩ લાખની ઓનલાઈન છેતરપિંડી

અમરેલી, તા.૭

અમરેલીના મોટા આંકડિયા ગામે ઓનલાઈન ટ્રેડિંગના નામે લાખો રૂપિયાની છેતરપિંડીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આરોપીઓએ સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક કરી પિતા-પુત્રને ઉંચા નફાની લાલચ આપી કુલ રૂ. ૫૭,૯૩,૮૫૦/- પડાવી લીધા હતા. આ અંગે જેટકોમાં નોકરી કરતા જગદિશભાઇ બટુકરાય પુરોહિત (ઉ.વ.૫૩)એ અનુષ્કા બંસલ, અનુપમ પાંડે તથા અરૂણ રોય સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ત્રણ મુખ્ય આરોપીઓએ એકસંપ થઈને ગુનાહિત કાવતરું રચ્યું હતું. આરોપીઓએ તેમને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપી હતી. આ માટે તેઓએ નામનું એક નકલી ટ્રેડિંગ પ્લેટફોર્મ બનાવ્યું હતું. આ નકલી પ્લેટફોર્મ પર ઓનલાઈન ટ્રેડિંગ કરવાના બહાને આરોપીઓએ તેમની તથા તેમના પુત્ર જયદીપના બેંક ખાતાઓમાંથી કટકે-કટકે કુલ રૂ. ૫૭,૯૩,૮૫૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. જ્યારે તેમણે પોતાનો નફો કે રોકાણ પરત માંગ્યું, ત્યારે તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. જે બાદ ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બેંક ડિટેલ્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પી આઈ ડી એસ ઈશરાણી વધુ તપાસ કરી રહ્યા છે.

**ઉંચા નફાની લાલચ મોંઘી પડી**

# બગસરાના પીઠડીયા પાસે બાઈક આડે કૂતરૂં ઉતરતા અકસ્માત અમરેલીના વૃધ્ધનું સારવાર દરમિયાન મોત

બગસરા,તા.૦૭

બગસરા તાલુકાના પીઠડીયા ગામ પાસે સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં અમરેલીના ૬૮ વર્ષીય વૃધ્ધનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું. બાઈક આડે અચાનક કૂતરૂં આવી જતાં સર્જાયેલા આ અકસ્માતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.અનિરૂધ્ધભાઇ બાબુભાઈ કોટડીયા (ઉં.વ. ૪૫) એ પોલીસને જણાવ્યા મુજબ, અમરેલીમાં રહેતા તેમના પિતા બાબુભાઈ કરશનભાઈ કોટડીયા (ઉં.વ. ૬૮) પોતાનું મોટરસાયકલ લઈને પીઠડીયા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પૂરપાટ ઝડપે જઈ રહેલા મોટરસાયકલ આડે અચાનક કૂતરૂં ઉતરતા તેમણે વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો.બાઈક સ્લિપ થઈ જતાં બાબુભાઈ રોડ પર પટકાયા હતા, જેના કારણે તેમને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જોકે, છાતીના ભાગે ગંભીર ઈજા અને માથામાં હેમરેજ જેવી જીવલેણ ઈજાઓ થતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ મામલે બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એસ. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૦૮-૦૫-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૫,
સૂર્યાસ્ત-૦૭:૦૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૫-૨૦૨૬ શુક્રવાર

મેષ:પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે.

વૃષભ: ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુન: સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.

સિંહ: વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે.

કન્યા: રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલા: કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે.

વૃશ્ચિક: દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે.

ધન: વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભ: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો.

મીન: વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે.

# રાજુલામાં આરોગ્ય મંદિરના ઉદ્દઘાટન પ્રસંગે બેઠક યોજાઈ

રાજુલા,તા.૦૭

રાજુલા ખાતે આગામી તારીખ ૧૩ મે ૨૦૨૬ ના રોજ નવનિર્મિત નિઃશુલ્ક મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર હોસ્પિટલનું લોકાર્પણ થવા જઈ રહ્યું છે ત્યારે આ ઐતિહાસિક કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે પ્રબુધ્ધ નાગરિકો, વેપારીઓ અને તબીબોની એક વિશેષ મિટિંગ યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાતના



તસવીર : ગોપાલ રાઠોડ

મુખ્યમંત્રી, રાજકીય મહાનુભાવો અને પૂજ્ય મોરારીબાપુ સહિતના સંતોની ગરિમામય ઉપસ્થિતિ રહેવાની હોય મહેમાનોની સુવિધા માટે વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. મિટિંગમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મનીષભાઈ વાળાએ વેપારીઓને અડધો દિવસ સ્વૈચ્છિક ધંધા-રોજગાર બંધ રાખી સેવામાં જોડાવા આહવાન કર્યું હતું. આ સાથે જ બજરંગ દળના ૧૦૦ કાર્યકરો સેવાની જવાબદારી સંભાળશે અને મનુભાઈએ મહેમાનોના ઉતારા માટે પોતાની આખી હોટલ ફાળવવાની ઉમદા જાહેરાત કરી હતી.

# સાવરકુંડલામાં રાત્રિના અંધકારમાં શંકાસ્પદ રીતે ભટકતો શખ્સ ઝડપાયો

સાવરકુંડલા, તા. ૦૭

સાવરકુંડલા શહેરમાં રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને સફળતા મળી હતી. સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાંના સમયગાળામાં શંકાસ્પદ હાલતમાં લપાતો-છુપાતો ભટકતો એક શખ્સ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. સાવરકુંડલા પોલીસની ટીમ જ્યારે વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે પેટ્રોલિંગમાં હતી, ત્યારે ધીરુભાઈ કાનજીભાઈ પરમાર (ઉ.વ. ૫૫) નામનો શખ્સ રાત્રિના અંધકારનો લાભ લઈ શંકાસ્પદ હિલચાલ કરતો જોવા મળ્યો હતો. પોલીસને જોતા જ આ શખ્સે છુપાવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સતર્ક પોલીસકર્મીઓએ તેને પકડી પાડ્યો હતો. આ શખ્સ અગાઉ કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ છે કે કેમ અને તે કયા ઈરાદાથી ભટકતો હતો, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.


-:જાહેર નોટીસઃ-

**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૨૩/૨૦૨૬

**અરજદારશ્રીઃ-** શ્રી અશોકભાઈ પોપટભાઈ ગોંડલીયા,
રે.હનુમાન ખીજડીયા, તા. વડીયા, જિ. અમરેલી
**એડવોકેટશ્રી- મયુર.બી.દેસાઈ, મો.-૯૭૨૫૭ ૭૨૮૫૪**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી હનુમાન ખીજડીયા, તા.વડીયા, જિ.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી અશોકભાઈ પોપટભાઈ ગોંડલીયાએ તેમના માતાશ્રી શાંતાબેન પોપટભાઈ ગોંડલીયાનું અવસાન તા.૦૨/૦૨/૨૦૦૭ ના રોજ મુ.હનુમાન ખીજડીયા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૪/૦૫/૨૦૦૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં. 110 /2026

પ્રતિ,
શ્રી આયસુબેન સુલેમાન મન્સુરી,
રહે.અનમોલ સોસાયટી, ઉના, ગામ-ઉના, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એન.શિયાળ,ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, ઉના
નગરપાલિકા,ઉના, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના ઉના ગામના રહીશ સુલેમાન ઈબ્રાહીમ મન્સુરી તથા આયસુબેન સુલેમાન મન્સુરીના પુત્ર વાલીમહમદ સુલેમાન મન્સુરીનો જન્મ તા.01/01/1971 ના રોજ ઉના તાલુકાના ઉના ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલિકા, ઉના, તાલુકો-ઉના સને-1971 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. /૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૨૩/૨૦૨૬

અરજદાર : શ્રી હનીફમહમદભાઈ હુસેનભાઈ આરબ
સરનામુ : મું.વઢેરા, તા.જાફરાબાદ, જિ.અમરેલી
હાલ રે.પર, બોબી, ગાર્ડ લાઈન, આર.ટી.ઓ, જબલ, તાડદેવ, તુલસીવાડી, મુંબઈ

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા
મું.વઢેરા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** વઢેરા ગામના **શ્રી હનીફમહમદભાઈ હુસેનભાઈ આરબ** એ તેમના **પોતાના નામે શ્રી હનીફમહમદ હુસેન આરબ નો જન્મ** તા.૦૧/૦૬/૧૯૫૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી લીરલ.બી.બાંભણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખા. ૦૫ માહે.મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૦૫/૦૫/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

**તંત્રી લેખ**

# બંગાળના જનાદેશ બાદ હિંસાના ઓછાયા

પશ્ચિમ બંગાળની તાજેતરની વિધાનસભા ચૂંટણી દેશભરમાં ચર્ચાનો વિષય બની છે. લાંબા સમયથી તૃણમૂલ કોંગ્રેસના પ્રભુત્વવાળા આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીએ નોંધપાત્ર સફળતા મેળવી છે. આ પરિણામ માત્ર રાજકીય પરિવર્તન નથી, પરંતુ રાજ્યની જનતાની બદલાતી માનસિકતા અને વિકાસ પ્રત્યેની આશાઓનું પ્રતિબિંબ પણ છે. પરંતુ આ જીતની ખુશી વચ્ચે હિંસા અને રાજકીય અથડામણોના સમાચારોએ લોકશાહી પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ચૂંટણીમાં મળેલો જનાદેશ હંમેશા લોકોની ભાવનાઓનો પ્રતિનિધિ હોય છે. પશ્ચિમ બંગાળમાં મોટી સંખ્યામાં મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પરિવર્તનની ઈચ્છા વ્યક્ત કરી છે. ભાજપે રાજ્યમાં સંગઠનને મજબૂત બનાવ્યું, ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચ વધારી અને યુવાનો, મહિલાઓ તથા અનુસૂચિત વર્ગોમાં પોતાનો પ્રભાવ વધાર્યો. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસના મુદ્દાઓને આગળ રાખીને ભાજપે પોતાનું અભિયાન ચલાવ્યું, જેનો લાભ ચૂંટણી પરિણામોમાં જોવા મળ્યો.

તાજેતરના પરિણામોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે બંગાળની જનતા હવે વિકાસ, રોજગાર અને કાયદો-વ્યવસ્થાને વધુ મહત્વ આપવા લાગી છે. લોકો રાજ્યમાં રોકાણ, ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની અપેક્ષા રાખે છે. યુવાનો રોજગારીની નવી તકો ઈચ્છે છે, જ્યારે સામાન્ય નાગરિક શાંતિપૂર્ણ વાતાવરણની અપેક્ષા રાખે છે. ભાજપ માટે આ જીત એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે બંગાળ લાંબા સમય સુધી તેના માટે પડકારરૂપ રાજ્ય ગણાતું હતું. પરંતુ ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ જે હિંસાની ઘટનાઓ સામે આવી છે તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. અનેક વિસ્તારોમાં રાજકીય કાર્યકર્તાઓ પર હુમલા, ઘરોમાં તોડફોડ, આગચંપી અને મારપીટની ઘટનાઓના સમાચાર મળ્યા છે. કેટલાક સ્થળોએ લોકો પોતાના ગામ છોડવા મજબૂર બન્યા હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. આવી સ્થિતિ લોકશાહીના મૂળ મૂલ્યોને નુકસાન પહોંચાડે છે.

ભાજપ માટે પણ આ સમય વિજયોત્સવ કરતાં વધુ જવાબદારીનો છે. લોકો માત્ર રાજકીય પરિવર્તન માટે મત આપતા નથી, પરંતુ સારા શાસન અને વિકાસની અપેક્ષા પણ રાખે છે. રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન, યુવાનો માટે રોજગાર, મહિલાઓની સુરક્ષા અને શિક્ષણ-આરોગ્ય ક્ષેત્રમાં સુધારણા જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવું પડશે. જો નવી સરકાર લોકોની આશાઓ પર ખરી ઉતરશે તો બંગાળનું રાજકારણ નવા યુગમાં પ્રવેશી શકે છે.

પશ્ચિમ બંગાળનું ભવિષ્ય શાંતિ, વિકાસ અને લોકશાહી મૂલ્યોમાં રહેલું છે. રાજકીય સ્પર્ધા લોકશાહી માટે જરૂરી છે, પરંતુ તે હિંસા અને દ્વેષમાં ન ફેરવાય તેની જવાબદારી દરેક પક્ષની છે. રાજ્યએ લાંબા સમયથી રાજકીય અથડામણોનો સામનો કર્યો છે. હવે સમય આવી ગયો છે કે બંગાળ વિકાસ, શિક્ષણ, સંસ્કૃતિ અને ઔદ્યોગિક પ્રગતિ માટે ઓળખાય.

આ ચૂંટણીનો જનાદેશ માત્ર સત્તા પરિવર્તનનો સંદેશ નથી, પરંતુ લોકોની નવી આશાઓનું પ્રતિનિધિત્વ કરે છે. જો રાજકીય પક્ષો આ સંદેશને સમજીને શાંતિપૂર્ણ અને વિકાસલક્ષી રાજકારણ અપનાવે, તો બંગાળ દેશ માટે એક નવી દિશા નક્કી કરી શકે છે. પરંતુ જો હિંસા અને રાજકીય બદલો ચાલુ રહેશે, તો લોકશાહીનું સૌંદર્ય ધૂંધળું બની જશે. તેથી આજની સૌથી મોટી જરૂરિયાત છે - જનાદેશનો સન્માન, શાંતિનું સંરક્ષણ અને વિકાસની દિશામાં એકજૂટ પ્રયાસ.

# રેડ ક્રોસઃ એટલે નિઃસ્વાર્થ સેવાનું આંતરરાષ્ટ્રીય પ્રતીક




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિકાસશીલ અને આધુનિક યુગમાં જ્યાં માનવીય સંવેદનાઓ ઘણીવાર યંત્રોના શોરબકોરમાં દબાઈ જતી હોય છે, ત્યાં 'રેડ ક્રોસ' જેવી સંસ્થાઓ આશાનું કિરણ બનીને ઉભરે છે. ૮મી મે એટલે 'વિશ્વ રેડ ક્રોસ દિન'. આ દિવસ એવા લાખો સ્વયંસેવકોના સમર્પણને વંદન કરવાનો દિવસ છે જેઓ જાતિ, ધર્મ કે સરહદોના ભેદભાવ વગર માનવતાની સેવા કરે છે. પ્રસ્તુત લેખમાં રેડ ક્રોસની વૈશ્વિક સફરથી લઈને ભાવનગરના અલંગ શિપ-બ્રેકિંગ યાર્ડમાં તેના દ્વારા થતી ભગીરથ સેવાઓનો ચિતાર રજૂ કરવામાં આવ્યો છે.

રેડ ક્રોસ એ માત્ર એક સંસ્થા નથી, પરંતુ એક વૈશ્વિક આંદોલન છે જેનો પાયો કરુણા અને નિઃસ્વાર્થ સેવા પર ટકેલો છે. ૧૮૬૩માં જીન હેનરી ડ્યુનાન્ટ દ્વારા સ્થાપિત આ સંસ્થાનો ઉદ્ભવ યુધ્ધના મેદાનમાં ઘાયલ થયેલા સૈનિકોની પીડા જોઈને થયો હતો. હેનરી ડ્યુનાન્ટે જોયું કે યુધ્ધમાં જીતનાર કે હારનાર, બંને પક્ષના સૈનિકો સારવારના અભાવે દમ તોડી રહ્યા હતા. તેમણે 'મેઘધનુષી' માનવતાનો વિચાર રજૂ કર્યો, જે આજે આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ ચળવળ તરીકે વિશ્વના લગભગ દરેક ખૂણે ફેલાયેલી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે રેડ ક્રોસ મુખ્ય સાત સિધ્ધાંતો પર કાર્ય કરે છેઃ માનવતા, નિષ્પક્ષતા, તટસ્થતા, સ્વતંત્રતા, સ્વૈચ્છિક સેવા, એકતા અને સાર્વત્રિકતા. વિશ્વ યુધ્ધો હોય, ભૂકંપ, સુનામી કે પછી કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારી, રેડ ક્રોસના સ્વયંસેવકો હંમેશા પ્રથમ હરોળમાં જોવા મળે છે. સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં કેદીઓની મુલાકાત લેવી, વિખૂટા પડી ગયેલા પરિવારોને મેળવવા, લોહીની અછત પૂરી કરવી અને આપત્તિ સમયે રાહત સામગ્રી પહોંચાડવી એ આ સંસ્થાની પાયાની જવાબદારીઓ છે. આ સંસ્થાએ અત્યાર સુધીમાં અનેકવાર નોબેલ શાંતિ પુરસ્કાર મેળવીને સાબિત કર્યું છે કે સેવાનો કોઈ પર્યાય નથી. તે વિશ્વના નેતાઓ અને સામાન્ય નાગરિકો વચ્ચે એક સેતુ તરીકે કામ કરે છે, જેનો એકમાત્ર ઉદ્દેશ્ય માનવીય પીડાને ઓછી કરવાનો છે.

ભારતમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની સ્થાપના ૧૯૨૦માં થઈ હતી. ત્યારથી લઈને આજ સુધી, તે દેશની સૌથી વિશ્વસનીય અને મોટી સ્વૈચ્છિક સંસ્થાઓમાંની એક રહી છે. ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં ભૌગોલિક અને સામાજિક વિવિધતા છે, ત્યાં આ સંસ્થા લોહીના દાન (બ્લડ બેંક) ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને આરોગ્ય શિક્ષણ ક્ષેત્રે અદ્વિતીય કાર્ય કરી રહી છે.

ગુજરાતમાં ભાવનગર રેડ ક્રોસ શાખા તેની સક્રિયતા અને ત્વરિત સેવા માટે સમગ્ર રાજ્યમાં જાણીતી છે. ભાવનગર શાખાની પ્રવૃત્તિઓ માત્ર શહેરી વિસ્તારો સુધી સીમિત નથી, પરંતુ છેવાડાના માનવી સુધી પહોંચી છે. અહીંની બ્લડ બેંક અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જે થેલેસેમિયા પીડિત બાળકો માટે વરદાન સાબિત થઈ છે. ભાવનગર રેડ ક્રોસ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ આરોગ્ય તપાસ શિબિરો, ફર્સ્ટ એઈડ તાલીમ અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીએ અનેક જીવ બચાવ્યા છે. ખાસ કરીને જ્યારે જ્યારે કુદરતી આપત્તિ આવી છે, ત્યારે ભાવનગરના સ્વયંસેવકોએ પોતાના જીવના જોખમે લોકોની સેવા કરી છે. ભાવનગરની આ શાખા સાચા અર્થમાં શ્રેષ્ઠ સેવા નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે, જ્યાં સેવાનો હેતુ પ્રસિધ્ધિ નહીં પણ પીડિતને મળતી રાહત છે.

અલંગ શિપ-યાર્ડમાં રેડ ક્રોસની સેવા-કથા એટલે એક જીવંત રક્ષક છે. અલંગ, જે આજે એશિયાનું સૌથી મોટું શિપ-બ્રેકિંગ યાર્ડ છે, તે આર્થિક રીતે જેટલું મહત્વનું છે, તેટલું જ ત્યાં કામ કરતા શ્રમિકો માટે જોખમી પણ છે. અહીં હજારોની સંખ્યામાં પરપ્રાંતીય શ્રમિકો વિશાળકાય જહાજોને તોડવાનું કામ કરે છે. લોખંડની ભારે પ્લેટો, ગેસ કટીંગની ગરમી, અને રાસાયણિક પ્રદૂષણ વચ્ચે કામ કરતા આ શ્રમિકો માટે રેડ ક્રોસની હાજરી એક સુરક્ષા કવચ સમાન છે. અલંગમાં રેડ ક્રોસની પ્રવૃત્તિઓ માત્ર ડૉક્ટર કે દવા પૂરતી મર્યાદિત નથી. તે એક વ્યાપક માનવીય વ્યવસ્થા છે. જ્યારે કોઈ શ્રમિક અકસ્માતનો ભોગ બને છે, ત્યારે રેડ ક્રોસની એમ્બ્યુલન્સ અને પ્રાથમિક સારવાર કેન્દ્ર તેના માટે પ્રથમ આશાનું કિરણ બને છે. અહીં સ્થાપિત હોસ્પિટલમાં શ્રમિકોને નજીવા દરે અથવા મફતમાં સારવાર આપવામાં આવે છે. દરરોજ સેંકડો મજૂરો શ્વાસની બીમારી, ચામડીના રોગો અથવા નાની-મોટી ઈજાઓ માટે આ સંસ્થાનો સંપર્ક કરે છે.રેડ ક્રોસનું સૌથી મોટું યોગદાન શ્રમિકોમાં સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાનું છે. સંસ્થા દ્વારા સમયાંતરે વર્કશોપ યોજાય છે જેમાં શ્રમિકોને શીખવવામાં આવે છે કે અકસ્માત સમયે પોતાનો અને સાથીદારનો જીવ કેવી રીતે બચાવવો. આ ઉપરાંત, કુદરતી આફતો કે લોકડાઉન જેવી સ્થિતિમાં જ્યારે આ શ્રમિકો નિઃસહાય બન્યા હતા, ત્યારે રેડ ક્રોસ દ્વારા તેમને ભોજન, રાશન કીટ અને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. અલંગના ધૂળિયા માર્ગો પર જ્યારે લાલ રંગનો ક્રોસ લાગેલી ગાડી પસાર થાય છે, ત્યારે દરેક શ્રમિકના ચહેરા પર એક નિશ્ચિતતાનો ભાવ હોય છે કે જો કંઈ થશે, તો આ સંસ્થા અમારી સાથે છે.કોરોનાની મહામારી દરમિયાન અલંગમાં શિપ બ્રેકરોની માનવીય સેવાઓ ફૂલોની સુવાસની જેમ મહેકી ઊઠી હતી. આવા સમયે રેડક્રોસની સેવાઓ અમૂલ્ય પુરવાર થઈ હતી. અલંગમાં કામ કરતા લાખો શ્રમિકો માટે અલંગના શિપ બ્રેકરો દ્વારા સલામતીના પૂરતા પગલાં લેવામાં આવતા હવે અકસ્માતો કોઈ વાર ભાગ્યે જ થાય છે. એને મોટા કહી શકાય તેવા અકસ્માતો છેલ્લા કેટલાક વર્ષોમાં થયા નથી.

આગ લાગવાની ઘટનાઓ પણ હવે બનતી નથી. અલંગમાં સલામતીના પૂરતા પગલા લેવામાં આવતા હવે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પણ અલંગમાં થતી સલામતીના પગલાંથી પ્રભાવીત છે. અહીં આંતરરાષ્ટ્રીય સલામતીના તારણો મુજબ કાર્ય થઈ રહ્યું છે જે સૌ કોઈ માટે આનંદની વાત છે. ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી અલંગની સુવિધામાં વધારો થઈ રહ્યો છે સાથોસાથ અહીં પર્યાવરણની દ્રષ્ટિએ પણ વિશ્વની અંદર અલંગ અત્યારે સર્વોત્તમ કહી શકાય તેવું બની ચૂક્યું છે

અહીં રેડ ક્રોસ ની પ્રવૃત્તિ સાથોસાથ કામદારોને સલામતીની ટ્રેનિંગ પણ શિશુવિહાર સંસ્થા દ્વારા અવારનવાર આપવામાં આવે છે. હરેશભાઈ ભટ્ટ દ્વારા અત્યાર સુધી ૨૮,૦૦૦ કરતાં વધુ કામદારોને ફર્સ્ટ એડ અને સલામતીની પ્રેક્ટીકલ તાલીમ આપી છે જે ગુજરાત માટે ગૌરવની વાત છે.


રેડ ક્રોસ દિન નિમિત્તે આપણે એ સમજવું જરૂરી છે કે સેવા એ માત્ર પૈસાનું દાન નથી, પણ સમય અને સહાનુભૂતિનું રોકાણ છે. ભાવનગરની રેડ ક્રોસ શાખાએ અલંગ જેવા સંવેદનશીલ વિસ્તારમાં જે સેવાના બીજ રોપ્યા છે, તે આજે વટવૃક્ષ બનીને હજારો પરિવારોને છાંયડો આપી રહ્યા છે. 'સર્વે સન્તુ નિરામયા' (બધા રોગમુક્ત રહે) ના ભાવ સાથે રેડ ક્રોસની આ સરવાણી અવિરત વહેતી રહે અને માનવતાના આ પવિત્ર કાર્યમાં આપણે સૌ સહભાગી બનીએ એ જ આજના દિવસનો સાચો સંદેશ છે.

**માનવતાની અવિરત સરવાણી એટલે વિશ્વભરમાં અવિરત ચાલતો રેડ ક્રોસનો સેવા યજ્ઞ વિશ્વના સૌથી મોટા અલંગ શિપ રિસાયકલ યાર્ડમાં વિસ્તારથી જતી સેવાઓનો મહાયજ્ઞ. સમગ્ર ભારતમાં જ અહીં પણ વિશ્વભરમાં રેડ ક્રોસની અગણિત શાખાઓ છે જે આ સેવા યજ્ઞ માં નિયમિત રીતે અવિરત આહુતિ આપે છે આજે જ્યારે વિશ્વભરમાં રેડ ક્રોસ દિવસ ઉજવાઈ રહ્યો છે જ્યારે આપણે તેમની અવિરાત માનવીય સેવાઓને સલામ કરીએ અને તેમાં સહભાગી બનીએ**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૯૩૫ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૦ |
| જુવાર સફેદ | ૮૫૬ | ૧૦૨૦ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૬૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૩૩૦ | ૩૭૩ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૦૬ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૪૬ |
| મગ | ૧૪૫૦ | ૨૦૪૦ |
| વાલ દેશી | ૭૧૧ | ૧૦૦૦ |
| ચોળી | ૭૦૦ | ૧૪૭૦ |
| વટાણા | ૬૦૦ | ૯૫૦ |
| કળથી | ૨૭૫ | ૪૫૦ |
| રાજમા | ૬૦૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૮૫૦ | ૧૯૫૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૫૩૦ |
| મગફળી જીણી | ૧૨૬૦ | ૧૪૨૫ |
| અળશી | ૧૮૦૦ | ૧૮૦૦ |
| તલી | ૧૮૦૦ | ૨૧૮૦ |
| સુરજમુખી | ૯૫૦ | ૧૧૫૦ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૮૧ |
| અજમો | ૧૩૦૦ | ૨૦૦૦ |
| સુવા | ૧૦૭૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૧૧૨૮ | ૧૨૯૬ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૩૫૦ |
| લસણ | ૮૧૦ | ૧૫૦૦ |
| ધાણા | ૨૨૭૫ | ૨૪૯૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૨૦૦ |
| ધાણી | ૨૩૧૦ | ૨૫૫૧ |
| વરીયાળી | ૧૨૮૦ | ૧૮૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૯૦ |
| રાય | ૧૩૦૫ | ૧૪૯૯ |
| મેથી | ૧૧૭૫ | ૨૦૦૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| અશેરીયો | ૮૫૦ | ૧૦૫૦ |
| કલોંજી | ૨૯૫૦ | ૩૫૫૧ |
| રાયડો | ૧૧૪૧ | ૧૩૧૦ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૬૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૨૬ | ૫૧૪ |
| લીંબુ | ૧૯૪૮ | ૪૦૨૪ |
| સાકરટેટી | ૧૫૧ | ૩૦૩ |
| તરબુચ | ૧૦૨ | ૨૧૧ |
| પપૈયા | ૭૮ | ૧૫૬ |
| બટેટા | ૧૦૫ | ૨૬૨ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૩૫ |
| ટમેટા | ૨૬૪ | ૪૪૮ |
| સુરણ | ૭૭૮ | ૯૮૯ |
| કોથમરી | ૩૨૧ | ૫૧૮ |
| મુળા | ૪૦૧ | ૬૧૯ |
| રીંગણા | ૧૪૨ | ૨૩૩ |
| કોબીજ | ૧૦૪ | ૨૦૫ |
| ફ્લાવર | ૨૭૯ | ૪૮૫ |
| ભીંડો | ૧૩૧ | ૨૯૪ |
| ગુવાર | ૩૩૭ | ૬૦૩ |
| ચોળાસીંગ | ૨૮૯ | ૫૪૮ |
| ટીંડોળા | ૨૯૪ | ૭૯૫ |
| દુધી | ૧૦૧ | ૨૧૧ |
| કારેલા | ૧૯૮ | ૨૮૮ |
| સરગવો | ૨૨૫ | ૪૭૫ |
| તુરીયા | ૨૧૧ | ૪૦૨ |
| પરવર | ૪૧૨ | ૭૦૧ |
| કાકડી | ૨૧૩ | ૩૭૫ |
| ગાજર | ૨૨૬ | ૪૩૭ |
| વટાણા | ૧૧૮૮ | ૧૫૪૭ |
| ગલકા | ૧૪૧ | ૨૩૨ |
| બીટ | ૧૮૫ | ૩૭૭ |
| મેથી | ૫૦૩ | ૭૬૯ |
| ડુંગળી લીલી | ૩૩૮ | ૫૯૬ |
| આદુ | ૧૧૭૭ | ૧૪૯૦ |
| મરચા લીલા | ૪૦૨ | ૫૯૪ |
| મકાઇ લીલી | ૧૨૪ | ૨૧૮ |
| ગુંદા | ૨૫૬ | ૪૪૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૮૯૬ |
| ઘઉં લોકવન | ૪૪૪ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૪૨ | ૬૨૧ |
| મગફળી જીણી | ૧૨૪૧ | ૧૭૯૬ |
| સિંગદાણા જાડા | ૧૬૨૧ | ૧૮૨૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૮૦૦ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૧૪૧ |
| કલંજી | ૧૨૦૧ | ૩૫૬૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૬૦૧ | ૨૬૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૧૦૧ | ૮૮૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૩૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૭૧ |
| અડદ | ૮૦૧ | ૧૬૪૧ |
| મઠ | ૭૨૬ | ૭૨૬ |
| તુવેર | ૫૫૧ | ૧૫૨૧ |
| રાયડો | ૭૦૦ | ૧૨૬૧ |
| રાય | ૧૧૩૧ | ૧૩૬૧ |
| મેથી | ૭૯૧ | ૧૫૫૧ |
| કાંગ | ૩૫૧ | ૫૭૧ |
| સુરજમુખી | ૬૭૬ | ૧૩૫૧ |
| મરચા | ૧૭૦૧ | ૬૮૦૧ |
| ગુવાર બી | ૯૬૧ | ૯૬૧ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૭૪૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૮૬૧ |
| મગફળી ૬૬ | ૧૨૫૦ | ૧૩૨૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૨૬૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૯૭૬ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૫૬ |
| બાજરો | ૩૧૧ | ૩૩૧ |
| જુવાર | ૪૭૧ | ૯૯૧ |
| મગ | ૮૫૧ | ૧૮૫૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૭૬ |
| વાલ | ૩૫૧ | ૧૧૬૧ |
| ચોળા / ચોળી | ૬૦૦ | ૧૫૩૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૧૬ |
| અજમાં | ૨૧૦૧ | ૨૧૦૧ |
| અરીઠા | ૮૦૧ | ૮૦૧ |
| ગોગળી | ૧૧૫૦ | ૧૨૯૧ |
| વટાણા | ૫૦૦ | ૯૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૮૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૬૦ | ૨૪૦ |
| ભીંડો | ૪૦ | ૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૨૮૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૮ |
| બીટ પુરા | ૫ | ૭ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| ફુણશી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૪ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૨૦ |
| શિંગદાણા | ૧૨૭૦ | ૧૮૬૦ |
| શિંગદાણા ફાડા | ૧૧૭૦ | ૧૮૪૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૨૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૧૫ |
| તલ કાશમીરી | ૨૨૪૫ | ૨૨૪૫ |
| બાજરો | ૫૧૫ | ૫૧૫ |
| જુવાર | ૩૭૫ | ૯૩૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૫ |
| મગ | ૧૫૪૦ | ૧૮૨૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૦ |
| ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૩૫ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૦૮૦ |
| તુવેર | ૮૯૦ | ૧૪૨૦ |
| કપાસ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૬૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૮૩૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૩૯૦ | ૨૫૪૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૬૭૫ |
| અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| મેથી | ૧૦૭૦ | ૧૨૭૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મરચા લાંબા | ૯૭૦ | ૩૬૯૦ |
| કલોજી | ૨૪૫૦ | ૩૩૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૨૦ | ૨૮૦ |
| રીંગણા | ૨૨૦ | ૫૩૦ |
| ફ્લાવર | ૨૪૦ | ૩૪૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૪૦ |
| શક્કરીયા | ૪૪૦ | ૬૨૦ |
| ટમેટાં | ૫૪૦ | ૫૮૦ |
| સુરણ | ૭૮૦ | ૯૩૦ |
| ગાજર | ૪૨૦ | ૫૧૦ |
| દુધી | ૧૪૦ | ૨૦૦ |
| કારેલા | ૫૩૦ | ૬૧૦ |
| ગલકા | ૧૬૦ | ૨૨૦ |
| ગુંદા | ૫૦૦ | ૭૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૫૦ | ૭૦૦ |
| કાચી કેરી | ૫૦૦ | ૯૦૦ |
| પાકી કેરી | ૧૨૫૦ | ૨૩૪૦ |
| ગરમર | ૬૫૦ | ૮૨૦ |
| વટાણા | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ચોળા લીલા | ૨૧૦ | ૩૩૦ |
| તુરીયા | ૩૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૨૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૬૫૦ | ૭૫૦ |
| ફોદીનો | ૩૪૦ | ૪૪૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૮૦ | ૩૦૦ |
| સરગવો | ૩૫૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૪૨૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૩૫૦ | ૪૦૩ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૪૩૦ | ૫૧૦ |
| લીબુ | ૧૦૩૦ | ૨૦૨૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૫૦ |
| શીંગ નવી | ૧૨૦૦ | ૧૫૧૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૨ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૫૧૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૮૫૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૬૮ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૫૦ | ૫૩૦ |
| જુવાર | ૬૦૦ | ૯૩૦ |
| મકાઈ | --- | ૪૫૦ |
| મગ | ૧૬૦૦ | ૧૮૩૫ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૮૧ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૧૧ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૫૬ |
| મેથી | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૫૦ |
| સોયાબીન | --- | ૧૧૮૦ |
| રાજમાં | --- | ૧૩૨૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૧૦ | ૧૩૦૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૫૨ |
| ચણા | ૯૨૨ | ૧૦૪૫ |
| તુવેર | ૯૧૦ | ૧૩૮૨ |
| ધાણા | ૨૧૧૦ | ૨૨૯૦ |
| તલ | ૧૭૦૦ | ૨૦૦૦ |
| શીંગ દાણા | ૧૭૩ | ૧૭૩૦ |
| મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ઘઉ લોકવન | ૩૪૦ | ૪૩૪ |
| ઘઉ ટુકડા | ૪૨૦ | ૪૩૫ |
| ચણા | ૯૮૦ | ૧૦૨૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ધાણી | ૧૮૪૫ | ૧૯૪૫ |
| મેથી | ૭૬૫ | ૮૬૫ |
| શીંગદાણા | ૧૩૪૦ | ૧૩૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૧૧૩૫ | ૧૧૩૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૬૦ | ૧૯૦૦ |
| કપાસ મીડીયમ | ૧૫૫૦ | ૧૬૫૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૪૬૫ |
| તલ સફેદ | ૧૫૬૦ | ૨૧૧૦ |
| તલ કાળા | ૨૫૪૦ | ૩૩૩૦ |
| જીરૂ | ૩૨૩૦ | ૩૯૯૦ |
| ચણા | ૧૦૩૮ | ૧૦૬૨ |
| ઘઉ | ૪૬૫ | ૫૩૫ |
| એરંડા | ૧૦૧૫ | ૧૧૯૫ |
| તુવેર | ૧૨૧૦ | ૧૪૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૩૬ |
| ઘઉં | ૩૫૦ | ૪૭૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૪૬ |
| મગફળી | ૯૫૧ | ૧૩૧૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૭૯૬ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૨૨૧ |
| મગફળી | ૯૫૧ | ૧૩૧૬ |
| શિંગફાડા | ૧૫૦૧ | ૧૭૧૬ |
| એરંડા | ૧૦૦૧ | ૧૧૮૬ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૧૧૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૩૧ |
| મેથી | ૯૫૦ | ૧૧૬૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૭૯૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૧૨ | ૧૨૧૨ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૧૪૧ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૩૪૭ |
| કપાસ | ૧૪૦૦ | ૧૮૩૦ |
| બાજરો | ૩૨૫ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૧૬ |
| જુવાર | ૪૦૮ | ૧૦૦૧ |
| મકાઈ | ૨૫૦ | ૨૫૦ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૫૦૧ | ૧૫૦૧ |
| તુવેર | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ચણા | ૮૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૮૦૧ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૧૫૦ |
| અજમાં | ૧૫૦૧ | ૧૫૦૧ |

## શબ્દ સંજોગ-૨૧૯૩



**આડી ચાવી :**
(૧) આસનિયુ, બેસવાની વસ્તુ (૩)
(૪) ચંદ્રનો સળમો ભાગ (૨)
(૫) મરી જાય તેવુ, તેટલુ (૫)
(૭) એક રંગ (૩)
(૯) મદુરાઈમાં આવેલુ મંદિર (૩)
(૧૩) પતંગ (૪)
(૧૫) કસોટી ઉપરથી નક્કી કરેલો સોના-રૂપાના ભાવનો આંક (૨)
(૧૭) .....વિનાશ નોતરે છે (૩)
(૧૯) ગડગૂમડ ઉપર ચોપડવાનું ઔષધ (૩)
(૨૧) ધૂળનો કણ (૨)
(૨૩) પરમેશ્વર (૩)
(૨૫) વિનય, સાલસ (૨)
(૨૬) ઘૂંઘટ, ઘૂમટો (૪)
(૨૭) એક રત્ન (૩)

**ઉભી ચાવી :**
(૧) .....હરામ હૈ (૩)
(૨) નમવુ કે નીચુ વળવુ-ઢળવુ તે (૩)
(૩) ચોખાનો ઝીણો કણ (૩)
(૪) એક જાતના ચોખા (૩)
(૬) નજરોનજર જોનાર (૨)
(૮) રડવુ તે, રોદણુ (૩)
(૧૦) મહારાષ્ટ્રનું એક શહેર (૩)
(૧૧) એક જાતની વાંસળી (૨)
(૧૨) ખોપરી, ભાગ્ય (૩)
(૧૩) ચિત્રકારની પીંછી (૩)
(૧૪) સોગન (૩)
(૧૬) પૂરી ભરતી આવ્યે ૧૨ મિનિટ પાણી થોભે છેતે (૨)
(૧૭) છેવટે, નિરુપાયે (૩)
(૧૮) ગળામાં પહેરવાની સેર (૨)
(૨૦) એક કંદ (૩)
(૨૨) સીતાના પિતા (૩)
(૨૩) પાસ, અસર (૨)
(૨૪) મીણબત્તી (૨)

## શબ્દ સંજોગ-૨૧૯૨ જવાબ

**આડી ચાવીઃ** (૧) ઠાભ (૨) પતંજલિ (૭) બરફ (૮) ઠીકઠાક (૧૦) સર (૧૧) ણપ(પણ) (૧૨) ફલ (૧૪) ટનલ (૧૭) આતુર (૧૯) વઘાર (૨૦) રૂપ (૨૪) દવા (૨૭) અમરનાથ (૨૮) સહારો. **ઉભી ચાવીઃ** (૧) ઠઠાઠીઠી (૩) તંગ (૪) લિબરલ (૫) અફસોસ (૬) પઠાણ (૯) કપટ (૧૦) સફલ (૧૩) હેતુ (૧૫) નહેરૂ (૧૬) આઘાત (૧૭) આધે (૧૮) રવો (૨૧) પદ (૨૨) શ્યામ (૨૩) નાના (૨૫) વાસ (૨૬) પારો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ઝળહળતું પરિણામ સાથે સ્કોલરશીપની જાહેરાત

**સંસ્થાના વડા વસંતભાઈ ગજેરાએ તમામ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી**



અમરેલી,તા.૦૭

અમરેલીની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડ પરિણામોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં આવ્યું છે. સંસ્થાના વડા વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ ધોરણ ૧૨માં ૬ વિદ્યાર્થીઓએ A1 અને ૨૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો છે, જ્યારે ધોરણ ૧૦માં ૨૬ વિદ્યાર્થીઓએ A1 અને ૮૦ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ ઉત્કૃષ્ટ સિધ્ધિ બદલ સંસ્થાએ ધોરણ ૧૦માં A1 લાવનાર માટે 100% ફી માફી અને ધોરણ ૧૨ના A1 ધારકોને 100% ફી પરત કરવાની જાહેરાત કરી છે. વધુમાં,'કન્યા કેળવણી યોજના' હેઠળ હોસ્ટેલ ફીમાં રૂ.૧૫,૦૦૦ની વિશેષ રાહત પણ જાહેર કરાઈ છે.

# બગસરામાં હત્યાના આરોપીની હાજરીમાં ઘટનાનું રી-કન્ટ્રકશન કરાયુ



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૦૭

બગસરાના માર્કેટિંગ યાર્ડ પાછળના વિસ્તારમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે, જેમાં નજીવી બાબતે થયેલા ઝઘડાએ લોહિયાળ અંત આણ્યો છે. વિજય અમરસિંહ પરમાર નામના વ્યક્તિને પોતાની પત્ની વિલાસ સાથે રસોઈ બનાવવા જેવી સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આરોપી પતિ અવારનવાર દારૂ પીવાની કુટેવ ધરાવતો હોવાથી ઘરમાં વારંવાર કલેશ થતો હતો, પરંતુ આ વખતે મામલો બિચક્યો હતો. આવેશમાં આવી ગયેલા વિજયે ઘરમાં પડેલા તીક્ષ્ણ ત્રિકમના ચારથી પાંચ જીવલેણ ઘા ઝીંકી પત્નીની નિર્મમ હત્યા કરી નાખી હતી. આ કરુણ ઘટના બાદ પોલીસ હરકતમાં આવી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તપાસના ભાગરૂપે આજે પોલીસ કાફલા દ્વારા ઘટનાસ્થળે આરોપીની હાજરીમાં આખી ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

આરોપીએ કઈ રીતે હુમલો કર્યો અને હત્યાને અંજામ આપ્યો તેની કડીઓ મેળવવા પોલીસે ઝીણવટભરી તપાસ કરી હતી.

# ધોરાજીના ફરેણી ગામમાં સિંહોના પગરવથી લોકોમાં ફેલાયો ફફડાટ



ધોરાજી,તા.૦૭

ધોરાજી પંથકમાં ફરી એકવાર વનરાજાની પધરામણી થતા સ્થાનિકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. છેલ્લા બે દિવસથી ફરેણી ગામના સીમ વિસ્તારમાં ત્રણ સિંહો લટાર મારતા હોવાનો વીડિયો વાયરલ થયો છે, જેનાથી ખેડૂતો અને પશુપાલકોમાં ભયનો માહોલ છે. અગાઉ કૈલાશનગર સુધી આવી પહોંચેલા સિંહે પશુનું મારણ કર્યું હતું. હાલ વન વિભાગે સિંહોનું લોકેશન ટ્રેસ કરવાની કામગીરી હાથ ધરી છે અને રાત્રિના સમયે પશુઓને ખુલ્લામાં ન બાંધવા માટે ખાસ અપીલ કરી છે.

**રાજયમંત્રી કૌશિક વેકરીયાના પ્રયાસોથી રૂા.૮.૯૬ કરોડ મંજૂર**

# અમરેલી વિધાનસભાના ૩૬ ગામમાં નવા આંગણવાડી ભવનોનું નિર્માણ થશે

અમરેલી,તા.૦૭

રાજ્ય સરકારે 'જ્યાં જનતા ત્યાં સુવિધા'ના મંત્રને સાર્થક કરતા શિક્ષણ ક્ષેત્રે એક નવી પ્રગતિશીલ દિશા પકડી છે. રાજ્યના નવયુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રાથમિક શિક્ષણના પાયા સમાન આંગણવાડી કેન્દ્રોને સુવિધા સજ્જ બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ નેમ હેઠળ,



રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયાના પ્રયાસોથી અમરેલી અને કુંકાવાવ તાલુકા માટે રૂ. ૮,૯૬,૩૨,૦૦૦/- ની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ યોજના હેઠળ અમરેલી તાલુકાના ૧૬ અને કુંકાવાવ તાલુકાના ૨૦ એમ કુલ ૩૬ ગામોમાં નવા આંગણવાડી ભવનોનું નિર્માણ થશે. આધુનિક અને અદ્યતન સવલતો ધરાવતા એક મકાન પાછળ અંદાજે રૂ. ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ પહેલથી બાળકોને ભણવા માટે યોગ્ય વાતાવરણ મળશે અને ગ્રામીણ સ્તરે શિક્ષણની સુવિધા વધુ સુદ્રઢ બનશે. રાજ્ય સરકારના આ જનકેન્દ્રી અભિગમથી શિક્ષણરૂપી નીવ વધુ મજબૂત બની છે, જે રાજયના સર્વાંગી વિકાસમાં પાયાનું યોગદાન આપશે.

# વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલ આરોપીના જામીન મંજૂર કરતી અમરેલી સેશન્સ કોર્ટ

અમરેલી,તા.૦૭



સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બાબરાના ગળકોટડી ગામની સીમમાં રેઈડ પાડી કુલ રૂ.૧ કરોડથી વધુની કિંમતના વિદેશી દારૂ અને વાહનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ચકચારી કેસમાં સહ આરોપી સુરેશ પંચાલ વતી એડવોકેટ પિન્ટુ ગોરખીયાએ ધારદાર કાયદાકિય દલીલો રજૂ કરી હતી. તેમણે નામદાર કોર્ટ સમક્ષ રજૂઆત કરી કે જ્યાં સુધી ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીને નિર્દોષ ગણાય. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકીને કરવામાં આવેલી આ તર્કબધ્ધ દલીલોને ગ્રાહ્ય રાખી અમરેલીના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ રિઝવાના બુખારીએ આરોપીને જામીન પર મુક્ત કરવાનો ન્યાયિક હુકમ કર્યો છે.

# રાજયમાં કમોસમી વરસાદની સિસ્ટમ નબળી પડતા જ ગરમી બોકાસો બોલાવશે



## સંકુલ સ્કૂલ ગૌરવ ધો. - ૧૦ A2 ગ્રેડ

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | ગ્રેડ | ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | ગ્રેડ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મકવાણા માહી ડી. | ગર્લ્સ - BNV | A2 | ૭૬ | શિંગાળા પુષ્ટિ ડી. | ગર્લ્સ - LPT | A2 |
| ૨ | લાખાણી નાઝનીનબાનુ એન. | ગર્લ્સ - BNV | A2 | ૭૭ | જ્યાણી દિયા કે. | ગર્લ્સ - LPT | A2 |
| ૩ | ટિલાળા હિર એ. | ગર્લ્સ - BNV | A2 | ૭૮ | હિરપરા હર્ષિતા ડી. | ગર્લ્સ - LPT | A2 |
| ૪ | સાવલિયા માહી એસ. | ગર્લ્સ - BNV | A2 | ૭૯ | રાખોલીયા વિશ્વા આર. | ગર્લ્સ - LPT | A2 |
| ૫ | ત્રિવેદી પ્રાચી એસ. | ગર્લ્સ - BNV | A2 | ૮૦ | માયાણી સુહાના એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૬ | માલવિયા જૈનિશા બી. | ગર્લ્સ - BNV | A2 | ૮૧ | ભેસદડીયા ધાર્મિ એમ. | ગર્લ્સ - LPT | A2 |
| ૭ | કારીયા યશ્વી જે. | ગર્લ્સ - BNV | A2 | ૮૨ | ભંડેરી જેનિશા બી. | ગર્લ્સ - LPT | A2 |
| ૮ | વાઘેલા શ્રેયાબા વી. | ગર્લ્સ - BNV | A2 | ૮૩ | હાપલીયા ધાર્મિ એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૯ | ટાંક પ્રિયાંશી એમ. | ગર્લ્સ - BNV | A2 | ૮૪ | માથુકીયા પ્રિન્સી વાય. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૦ | દવે હેત્વી આર. | ગર્લ્સ - BNV | A2 | ૮૫ | જ્યાણી દિશા કે. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૧ | નસિત અભિલાષા જે. | ગર્લ્સ - BNV | A2 | ૮૬ | સોળીયા જેન્સી એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૨ | વોરા જાનવી એસ. | ગર્લ્સ - BNV | A2 | ૮૭ | બાળધા ધ્રુવિ એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૩ | ધાનાણી ઈશા બી. | ગર્લ્સ - BNV | A2 | ૮૮ | વ્યાસ નિત્યા એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૪ | પટોળિયા સંસ્કૃતિ પી. | ગર્લ્સ - BNV | A2 | ૮૯ | તૈલી ભુમિકા ડી. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૫ | સાકરીયા શ્રધ્ધા એમ. | ગર્લ્સ - BNV | A2 | ૯૦ | પટેલ નેન્સી એચ. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૬ | ગજેરા ક્રિષ્ના એમ. | ગર્લ્સ - BNV | A2 | ૯૧ | ઝીઝુવાડિયા બિંદીયા એમ. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૭ | દેસાઈ રૂદ્રા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૯૨ | કાછડીયા ક્રિષા એસ. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૮ | સાવલિયા એંજલ કે. | ગર્લ્સ - BNV | A2 | ૯૩ | ડોબરીયા ખુશી બી. | ગર્લ્સ - LPT | A2 |
| ૧૯ | લિંબાણી જીયા જી. | ગર્લ્સ - BNV | A2 | ૯૪ | પરમાર આયુષી યુ. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૦ | કાનાણી મનસ્વી બી. | ગર્લ્સ - BNV | A2 | ૯૫ | બાંભરોલીયા ધાર્મિ કે. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૧ | ખુંટ ક્રિષા એચ. | ગર્લ્સ - BNV | A2 | ૯૬ | સાવલીયા રિયા એસ. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૨ | ડોબરીયા ધાર્મિ જે. | ગર્લ્સ - BNV | A2 | ૯૭ | જાસોલીયા ધાર્મિ આર. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૩ | પટેલ વંશી એસ. | ગર્લ્સ - BNV | A2 | ૯૮ | ચુડાસમા શિવાંગી એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૪ | સાવલિયા ભક્તિ આર. | ગર્લ્સ - BNV | A2 | ૯૯ | બારડ આયુષી આર. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૫ | ગોરી આયશા આઈ. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૦ | પરમાર બંસી બી. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૬ | મોણપરા ફેના આર. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૧ | માંડણકા પુષ્ટિ જે. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૭ | સરવૈયા મહેક કે. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૨ | ગઢિયા હેપ્પી આર. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૮ | વઢવાણા ખુશાલી આર. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૩ | શેફાત્રા શ્રધ્ધા એસ. | ગર્લ્સ - LPT | A2 |
| ૨૯ | કથીરીયા પલક સી. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૪ | ઢોલરીયા ક્રિષા વી. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૦ | કથીરીયા શિક્ષા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૫ | ચૌધરી હેતલ એસ. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૧ | શેલડીયા હર્ષિતા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૬ | રાદડીયા હેમાંગી એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૨ | લાખાણી રૂમાના એ. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૭ | લાંબરીયા સોનલ એચ. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૩ | ભાખર ક્રિષ્ના એચ. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૮ | સાવલીયા મેશ્વા કે. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૪ | કાનાણી બંસી કે. | ગર્લ્સ - BNV | A2 | ૧૦૯ | સોજીત્રા ભવ્યા એલ. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૫ | રાબડીયા રાજવી એન. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૦ | રાખોલીયા ડેસ્ટી એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૬ | હિરપરા જાસ્મીન જી. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૧ | ગોલાણી જેન્સી ડી. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૭ | ચોડવડિયા જૈની એન. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૨ | ડોબરીયા ધાર્મિ આર. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૮ | કસવાળા વૃંદા એમ. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૩ | ડોબરીયા હસ્તી એ. | ગર્લ્સ - LPT | A2 |
| ૩૯ | ગઢાદરા આકાશી એ. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૪ | બારૈયા નિરૂપા એલ. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૦ | દેવમુરારી દેવર્ષી ડી. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૫ | ચૌહાણ અર્ચના આર. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૧ | બાવળીયા હિના વી. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૬ | પાનસુરીયા યાર્મિ જે. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૨ | ભાલાળા વિશ્વા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૭ | ઘાંઘળ હિતાંશી જી. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૩ | કચરા સફીના એ. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૮ | બુહા દેવાંગી જે. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૪ | વોરા ક્રિયા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૧૯ | વાળા મોહિના જી. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૫ | પટોળીયા ક્રિષા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૦ | તળાવિયા ખુશી એસ. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૬ | દેવાણી ક્રિષા એમ. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૧ | બાબરીયા હેપ્પી આર. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૭ | વેકરીયા દેવાંશી કે. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૨ | ગોસાઈ ક્રિષ્ના બી. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૮ | જોષી જાનવી જે. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૩ | ગાંગડીયા તન્વી પી. | ગર્લ્સ - LPT | A2 |
| ૪૯ | પટેલ હિર એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૪ | ગોહિલ નિકીતા એમ. | ગર્લ્સ - LPT | A2 |
| ૫૦ | રાવળ ક્રિષા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૫ | ચોવટીયા ક્રિર્તન એસ. | EM-GSEB | A2 |
| ૫૧ | સોલંકી કૃપા વાય. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૬ | ચૌહાણ મયંક બી. | EM-GSEB | A2 |
| ૫૨ | પટેલ બંસી એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૭ | લહેરી ધાર્મી એમ. | EM-GSEB | A2 |
| ૫૩ | સવાણી જાનવી એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૮ | વણાંક સારા કે. | EM-GSEB | A2 |
| ૫૪ | કાલેણા દેવાંશી બી. | ગર્લ્સ - BNV | A2 | ૧૨૯ | હિરપરા રીયા ડી. | EM-GSEB | A2 |
| ૫૫ | પટેલ આસ્થા એસ. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૦ | ધોળીયા રૂતા એસ. | EM-GSEB | A2 |
| ૫૬ | નાકરાણી દિસ્વા એમ. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૧ | પટેલ ધ્યાનીબેન જી. | EM-GSEB | A2 |
| ૫૭ | બોરડા ધ્રુવી એન. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૨ | જસાણી ખુશાલી જે. | EM-GSEB | A2 |
| ૫૮ | વાળા આરૂષી એ. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૩ | કથીરીયા ઉપાસના એચ. | EM-GSEB | A2 |
| ૫૯ | નાકરાણી સ્નેહાલી પી. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૪ | પાનસુરીયા નમ્ય એ. | EM-GSEB | A2 |
| ૬૦ | રામાણી વિશ્વા બી. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૫ | રામાણી આર્યન કે. | EM-GSEB | A2 |
| ૬૧ | દેરડીવાલા આયશા એ. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૬ | બુટાણી લીયા એલ. | EM-GSEB | A2 |
| ૬૨ | ઝરમરીયા આયુષી એચ. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૭ | ગોધાત હસ્તી સી. | EM-GSEB | A2 |
| ૬૩ | પટેલ ચાર્મિ એચ. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૮ | દુધાગરા એન્જલ આર. | EM-GSEB | A2 |
| ૬૪ | પટેલ દિયા એમ. | ગર્લ્સ - BNV | A2 | ૧૩૯ | ઝીંઝુવાડીયા તીર્થ એ. | EM-ICSE | A2 |
| ૬૫ | ગોહિલ મૈત્રી એસ. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૦ | કથીરીયા જીત કે. | EM-ICSE | A2 |
| ૬૬ | સોલંકી સાક્ષી એસ. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૧ | જોગાણી જેમ્સ ડી. | EM-ICSE | A2 |
| ૬૭ | મકવાણા વિશ્વા વી. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૨ | કાબરીયા જતીન એન. | EM-ICSE | A2 |
| ૬૮ | ચોપડા તન્વી જી. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૩ | માંગરોળીયા ફેનીલ સી. | મિશ્ર - સ્કૂલ | A2 |
| ૬૯ | કંટારીયા કુંજલ જે. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૪ | રાધનપરા ઓમ આર. | મિશ્ર - સ્કૂલ | A2 |
| ૭૦ | જેસાણી ક્રિષા આર. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૫ | માંગરોળીયા મિરવ એચ. | મિશ્ર - સ્કૂલ | A2 |
| ૭૧ | ડોડીયા ભવ્યતા કે. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૬ | ધાનાણી રેમીત ડી. | મિશ્ર - સ્કૂલ | A2 |
| ૭૨ | પારખીયા કાવ્યા યુ. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૭ | ઠુંમર વ્રજ એ. | મિશ્ર - સ્કૂલ | A2 |
| ૭૩ | ચૌહાણ આસ્થા એન. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૮ | દુહેરા વર્શીલ ડી. | મિશ્ર - સ્કૂલ | A2 |
| ૭૪ | ચૌહાણ શ્વરા એચ. | ગર્લ્સ - LPT | A2 | ૧૪૯ | વાળા હેમેન જે. | મિશ્ર - સ્કૂલ | A2 |
| ૭૫ | રાદડીયા સૃષ્ટિ પી. | ગર્લ્સ - LPT | A2 | ૧૫૦ | મેમાકીયા શ્યામ બી. | મિશ્ર - સ્કૂલ | A2 |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ**
**સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી**

-Ad047


અમદાવાદ,તા.૦૭

ગુજરાતમાં અત્યારે હવામાનના બે વિભિન્ન સ્વરૂપો એકસાથે જોવા મળી રહ્યા છે. સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન સક્રિય થવાને કારણે રાજ્યના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે જેના લીધે અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદી માહોલ સર્જાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ અને ગીર સોમનાથ સહિત દક્ષિણ ગુજરાતના ડાંગ અને તાપી જેવા જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતા સેવાઈ રહી છે. જોકે આ રાહત માત્ર ટૂંકા ગાળા માટે છે કારણ કે હવામાન વિભાગે નવમી મેથી રાજ્યમાં ભીષણ હીટવેવની ગંભીર ચેતવણી આપી છે. વરસાદી સિસ્ટમ નબળી પડતાની સાથે જ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થશે જેના કારણે અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં અંગ દઝાડતી ગરમી અને લૂનો પ્રકોપ વધશે. આગામી અઠવાડિયા દરમિયાન કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આમ નાગરિકોએ પલટાતા વાતાવરણ વચ્ચે સ્વાસ્થ્યની વિશેષ કાળજી રાખવી અનિવાર્ય બની રહેશે.

# ઉના-દીવ રોડ પર બે કાર સામસામે અથડાતા પાંચને ઈજા

ઉના,તા.૦૭

ઉના-દીવ રોડ પર નાળિયા માંડવી નજીક નગીનાના ઢોરા પાસે બે કાર સામસામે ધડાકાભેર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં એક મહિલા અને બાળકો સહિત કુલ પાંચ શ્રધ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતની વિગતો મુજબ મધ્યપ્રદેશના ભોપાલના લેખરામ નામદેવ અને તેમનો પરિવાર સોમનાથ મહાદેવના દર્શન કરી દીવ તરફ જઈ રહ્યો હતો, ત્યારે સામેથી આવતી અન્ય કાર સાથે તેમની ગાડી અથડાઈ હતી. આ અથડામણમાં ભોપાલના પરિવારના ત્રણ સભ્યો અને અન્ય કારમાં સવાર ગાંધીનગરના બે યુવાનોને નાની-મોટી ઈજાઓ પહોંચતા તાત્કાલિક ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

**રાજયમંત્રી કાંતિલાલ અમૃતિયા અને ઉપસચિવની હાજરીમાં**

# અમરેલી ITIને રાજ્યની 'તૃતીય શ્રેષ્ઠ' સંસ્થા તરીકે સન્માનિત કરવામાં આવી

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લા માટે ગૌરવના સમાચાર આવ્યા છે. ગુજરાત રાજ્યની તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITI) પૈકી અમરેલી ITI ને રાજ્ય કક્ષાએ 'તૃતીય શ્રેષ્ઠ આઈ.ટી.આઈ' તરીકે જાહેર કરવામાં આવી છે. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે આ સન્માન એનાયત કરાયું હતું. સંસ્થા વતી નોડલ પ્રિન્સિપાલ ડો. ટી.એમ. ભટ્ટ અને પ્રિન્સિપાલ ડી.એમ.આચાર્યએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા અને ઉચ્ચ સચિવો પણ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાની આ ઉત્કૃષ્ટ કામગીરી અને શૈક્ષણિક સ્તરને મળેલી આ ઓળખથી તાલીમાર્થીઓ અને સ્ટાફમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સિધ્ધિ અમરેલી જિલ્લાના કૌશલ્ય વિકાસ ક્ષેત્રે એક નવું સોપાન ગણવામાં આવે છે.



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૨૮/૨૦૨૬

અરજદાર : શ્રી પરમાર દેવજીભાઈ જીવાભાઈ
સરનામુ : મું.રોહીસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - રોહીસા
મું.રોહીસા, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના** રોહીસા ગામના **શ્રી પરમાર દેવજીભાઈ જીવાભાઈ** એ તેમના **પિતા નામે સ્વ. શ્રી જીવાભાઈ બેચરભાઈ પરમાર નું મરણ** તા.૧૫/૦૪/૨૦૦૬ નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૫ માહે.મે સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૫/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૭૨/૨૦૨૬

અરજદાર : શ્રી જાદવ જસુબેન બાબુભાઈ ડો/ઓ ચોથાભાઈ ગુજરીયા
સરનામુ : મું.સમઢીયાળા, તા.રાજુલા, જિ.અમરેલી, મો.૭૦૪૬૬૮૭૬૯૪

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી - લુણસાપુર
મું.લુણસાપુર, તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના** સમઢીયાળા ગામના **શ્રી જાદવ જસુબેન બાબુભાઈ ડો/ઓ ચોથાભાઈ ગુજરીયા** એ તેમના **પોતાના નામે ગુજરીયા જસુબેન ચોથાભાઈ નો જન્મ** તા.૦૧/૦૧/૧૯૬૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.આર.મહિડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. માહે.૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહિ તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી. નં.૩૪/૨૦૨૬

અરજદાર :- શ્રી દાફડા દેવજીભાઈ મેઘજીભાઈ
રહે.પોલીસ હેડ ક્વાર્ટસ, રૂમ નં.૪૦૨, ચિતલ રોડ,
અમરેલી. જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મું.અમરેલી, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં દાફડા દેવજીભાઈ મેઘજીભાઈ તેમના પુત્ર જીજ્ઞેશ દેવજીભાઈ દાફડાનો જન્મ (તા.૦૫/૦૫/૧૯૯૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
(કે.કે.દવે)
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં. 108/2026

પ્રતિ,
શ્રી હાજીભાઈ હુસેનભાઈ બેલીમ,
રહે.નવાબંદર, ગામ-નવાબંદર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એમ.એ.હાલાઈ તથા જી.એમ.મુજાવર, ગની માર્કેટ, સહજાનંદ કોમ્પ્લેક્સ, બીજો માળ, દુકાન નં.૧૦ ...........અરજદાર

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત,નવાબંદર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નવાબંદર ગામના રહીશ હાજીભાઈ હુસેનભાઈ બેલીમ તથા ફરિદાબેન હાજીભાઈ બેલીમના પુત્રી મેહરૂનનીશા હાજીભાઈ બેલીમનો જન્મ તા.13/08/1979 ના રોજ ઉના તાલુકાના નવાબંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, નવાબંદર, તાલુકો-ઉના સને-1979 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. /૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**-:: જાહેર નોટીસ ::-**

ફો.પ.અ.નં./૩૦/૨૦૨૬

મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી
**અરજદાર તર્ફે વિ.વ. શ્રી.જી. સી કોટડીયા રહે લાઠી**

અરજદાર:- શેખપરા રમીલાબેન દેવચંદભાઈ ઉ.વ.૫૧ પુખ્ત ધંધો ઘરકામ ધર્મે હિન્દુ/પટેલ રહે. પાડરશીંગા તા.લાઠી, જી.અમરેલી, હાલ સાસરે

**-:: વિરૂધ્ધ::-**

સામાવાળા:- જન્મ મરણ નોંધણી ત.ક.મ. અધીકારી પાડરશીંગા
ગ્રામ પંચાયત કચેરી

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પોતે પાડરશીંગા ગામના રહેવાસી છે. હાલ સાસરે અલીઉદેપુર અરજદાર પોતે શેખપરા રમીલાબેન દેવચંદભાઈની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે શેખપરા રમીલાબેન દેવચંદભાઈનો જન્મ જે તે સમયે પાડરશીંગા મુકામે જન્મ તારીખ:- ૧૫/૫/૧૯૭૪ ના રોજ થયેલ છે. જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણ મુદત તારીખ:૧૪/૫/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિ રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ:- ૫/૫/૨૦૨૬

શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ
સાહેબ કચેરી

dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 211 | AD - 2026, Vaishakh Vad -06 | Friday, Dt. 08-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# ૧૧૮ સભ્યનું સમર્થન ન હોવાથી તમિલનાડુના રાજ્યપાલે બીજી વાર વિજયનો દાવો નકાર્યો

ચેન્નાઈ,તા.૦૭

તમિલનાડુમાં સરકાર રચવા અંગે ખેંચતાણ ચાલુ છે. ટીવીકે (TVK) ના વડા વિજયે બીજી વખત રાજભવનમાં રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર સાથે મુલાકાત કરી હતી. જોકે, રાજ્યપાલે સ્પષ્ટ કર્યું છે કે માત્ર સૌથી મોટો પક્ષ બનવાથી સરકાર રચી શકાશે નહીં; બંધારણીય નિયમ મુજબ ૨૩૪ બેઠકોમાંથી ૧૧૮ ધારાસભ્યોનું લેખિત સમર્થન સાબિત કરવું અનિવાર્ય છે. વિજય પાસે હાલ ૧૧૨ ધારાસભ્યો (કોંગ્રેસના સમર્થન સહિત) હોવાનું જણાય છે, જે બહુમતીથી ૬ ઓછા છે.

રાજ્યપાલે વિજયને સ્થિર સરકાર ચલાવવા અંગે પ્રશ્નો કર્યા છે, જ્યારે વિજયે ગૃહમાં 'ફ્લોર ટેસ્ટ' દ્વારા બહુમતી સાબિત કરવાની તૈયારી દર્શાવી છે.

# ગાયને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવા સુરતના વેપારીઓએ વડાપ્રધાનને લોહીથી પત્ર લખ્યો

સુરત,તા.૦૭

સુરતમાં ગાયને 'રાષ્ટ્રમાતા'નો દરજ્જો અપાવવા ગૌભક્તોએ અનોખો વિરોધ નોંધાવ્યો છે. ટેક્સટાઈલ માર્કેટના ૧૦ અગ્રણી વેપારીઓએ પોતાના લોહીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી ગૌવંશના રક્ષણ અને ગૌહત્યા પર કડક પ્રતિબંધની માંગ કરી છે. આ સાથે જ કેન્દ્ર સરકાર પાસે અલગ 'ગૌ સંવર્ધન મંત્રાલય' રચવાની પણ અપીલ કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૫ લાખ લોકોની સહીઓ એકત્ર કરવામાં આવી છે, જે કલેક્ટરને સોંપવામાં આવશે. સુરતમાં ગૌ સન્માન માટે વિશાળ રેલીનું પણ આયોજન કરાયું છે, જેમાં બળદગાડાં અને બુલડોઝર દ્વારા ગૌહત્યા વિરુધ્ધ કડક સંદેશ આપવામાં આવશે.

# રાજ્યપાલે પ.બંગાળ વિધાનસભા ભંગ કરી, મમતા બેનરજી હવે મુખ્યમંત્રી નહી

**છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ચાલી રહેલી ભારે ખેંચતાણનો અંત**

કોલકાત્તા,તા.૦૭

પશ્ચિમ બંગાળના રાજકીય ઈતિહાસમાં ૭ મે ૨૦૨૬નો દિવસ એક મોટી ઉથલપાથલ તરીકે અંકિત થઈ ગયો છે. રાજ્યપાલ આર.એન. રવિએ અચાનક વિધાનસભા ભંગ



કરવાનો સત્તાવાર આદેશ જારી કરતા મમતા બેનર્જીના ૧૫ વર્ષ લાંબા શાસનનો સત્તાવાર રીતે અંત આવ્યો છે. આ નિર્ણય ભારતીય બંધારણની કલમ હેઠળ લેવામાં આવ્યો છે જેના કારણે સમગ્ર કેબિનેટ તાત્કાલિક અસરથી વિખેરાઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ચાલી રહેલી ભારે ખેંચતાણ અને બંધારણીય કટોકટી વચ્ચે રાજ્યપાલે આ કડક પગલું ભર્યું છે. કોલકાતા ગેઝેટમાં પ્રકાશિત થયેલા નોટિફિકેશન પર મુખ્ય સચિવના હસ્તાક્ષર હોવાથી હવે આ પ્રક્રિયા પૂર્ણ ગણાય છે અને મમતા બેનર્જી હવે ટેકનિકલી મુખ્યમંત્રી પદ પર રહ્યા નથી.

# NCRB રિપોર્ટ : દેશભરમાં ગુનાખોરીના દરમાં ૬ ટકાનો ઘટાડો, મહિલાઓ વિરુધ્ધના ગુનાઓ પણ ઘટ્યા

નવી દિલ્હી,તા.૦૭

નેશનલ ક્રાઈમ બ્યુરો દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડાઓ અનુસાર, વર્ષ ૨૦૨૪માં દેશભરમાં નોંધાયેલા ગુનાઓમાં ૬ ટકાનો ઘટાડો થયો છે. રિપોર્ટ દર્શાવે છે કે ૨૦૨૩માં કુલ ૬૨.૪૧ લાખ ગુના નોંધાયા હતા, જે ૨૦૨૪માં ઘટીને ૫૮.૮૫ લાખ થયા છે. ગુનાનો દર પણ પ્રતિ લાખ વસ્તીએ ૪૪૮.૩ થી ઘટીને ૪૧૮.૯ નોંધાયો છે. અહેવાલ મુજબ, ગંભીર ઈજા (Grievous Hurt) શ્રેણી હેઠળના કેસોમાં ૩૦.૫૮ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો છે, જેનું એક મુખ્ય કારણ નવા કાયદા હેઠળ કલમોનું મર્જ થવું માનવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં હત્યાના ૨૭,૦૪૯ કેસ નોંધાયા હતા, જે અગાઉના વર્ષ કરતા ૨.૪ ટકા ઓછા છે. હત્યા પાછળના મુખ્ય કારણોમાં અંગત વિવાદ, વેરઝેર અને નાણાકીય નફો હોવાનું બહાર આવ્યું છે. મહિલાઓ વિરુધ્ધના ગુનાઓમાં ૧.૫ ટકાનો ઘટાડો થયો છે.

# ચૂંટણી પરિણામો બાદ બંગાળમાં હિંસાનો દોર યથાવત, સુવેન્દુ અધિકારીના પી.એ.ની ગોળી મારી હત્યા

કોલકત્તા,તા.૦૭

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિણામો બાદ હિંસાનો દોર યથાવત છે. ભાજપના દિગ્ગજ નેતા સુવેન્દુ અધિકારીના પીએ ચંદ્રનાથ રથની બુધવારે રાત્રે મધ્યમગ્રામ નજીક ગોળી મારીને ક્રૂર હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાને પગલે રાજ્યનું રાજકીય વાતાવરણ ગરમાયું છે.



સુવેન્દુ અધિકારીએ આને 'પૂર્વયોજિત હત્યા'ગણાવી છે, જ્યારે ભાજપના નેતા અર્જુન સિંહે સીધો આક્ષેપ કર્યો છે કે આ હત્યા પાછળ સત્તાધારી પક્ષના નેતાઓનો હાથ છે.

બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ પણ આ ઘટનાની સખત નિંદા કરી છે. ટીએમસીએ વળતો પ્રહાર કરતા જણાવ્યું કે આદર્શ આચારસંહિતા અમલમાં હોવા છતાં ભાજપ સમર્થિત તત્વો દ્વારા હિંસા ફેલાવવામાં આવી રહી છે.

ટીએમસીએ ન્યાયની માંગ કરતા કહ્યું કે, આ કેસમાં સત્ય બહાર લાવવા માટે હાઈકોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ (CBI) તપાસ થવી જોઈએ. ભાજપના નેતા કેયા ઘોષે જણાવ્યું કે ચંદ્રનાથે ભવાનીપુરમાં સુવેન્દુ અધિકારીની જીત માટે ખૂબ મહેનત કરી હતી, જેના રોષમાં તેમને નિશાન બનાવવામાં આવ્યા છે. હાલ પોલીસે ગુનો નોંધીને તપાસ તેજ કરી છે.

# બિહારમાં સમ્રાટ ચૌધરીના કેબિનેટનું વિસ્તરણ : નિશાંતકુમારનો સમાવેશ

પટના,તા.૦૭

બિહારમાં રાજકીય ગરમાવા વચ્ચે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીના મંત્રીમંડળનું ભવ્ય વિસ્તરણ થયું છે. પટનાના ઐતિહાસિક ગાંધી મેદાનમાં યોજાયેલા શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, અને એનડીએના અન્ય દિગ્ગજ નેતાઓની હાજરીમાં નવા મંત્રીઓએ હોદ્દાના શપથ લીધા



હતા. આ વિસ્તરણમાં સૌથી વધુ ચર્ચા નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમારની રહી છે, જેઓ જેડીયુ ક્વોટામાંથી મંત્રી બન્યા છે. હાલ બિહાર સરકારમાં ભાજપ પાસે ૧૬, જેડીયુ પાસે ૧૫, એલજેપી (આર) પાસે ૨ અને હામ (HAM) તથા આરએલએમ (RLM) પાસે એક-એક મંત્રી પદ છે. વિજય કુમાર સિંહા બે વાર નાયબ મુખ્યમંત્રી રહી ચૂકેલા સિંહા લખીસરાયના ધારાસભ્ય છે, દિલીપ જયસ્વાલ પૂર્વ પ્રદેશ પ્રમુખ અને હાલમાં એમએલસી છે, રામ કૃપાલ યાદવ પાટલીપુત્રના પૂર્વ સાંસદ અને પૂર્વ કૃષિ મંત્રી, જેમને પંચાયતથી સંસદ સુધીનો બહોળો અનુભવ છે.

# આસામમાં ૧૨ મેના રોજ નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં પીએમ મોદી આપશે હાજરી

ગુવાહાટી,તા.૦૭

આસામમાં નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૧૨ મેના રોજ ગુવાહાટીના ખાનપરા ખાતે યોજાશે. આ ભવ્ય કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજરી આપે તેવી પ્રબળ શક્યતા છે. રાજ્યના મુખ્ય સચિવ રવિ કોટાએ સુરક્ષા અને તૈયારીઓ



અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી.

ઉલ્લેખનીય છે કે, હિમંતા બિસ્વા શર્માએ રાજ્યપાલને રાજીનામું સોંપ્યું છે, પરંતુ નવી સરકારની રચના સુધી તેઓ કાર્યકારી મુખ્યમંત્રી તરીકે સેવા આપશે. એનડીએ (NDA) એ ૧૨૬ માંથી ૧૦૨ બેઠકો જીતી સતત ત્રીજી વખત સત્તા જાળવી રાખી છે. નેતાની પસંદગી માટે જેપી નડ્ડા અને નાયબ સિંહ સૈનીને નિરીક્ષક તરીકે નિયુક્ત કરાયા છે.

# વાંકાનેરમાં પત્ની અને પ્રેમીએ મળીને પતિને જીવતો સળગાવ્યો હોવાના ખુલાસાથી ચકચાર

વાંકાનેર,તા.૦૭

વાંકાનેરના ઢુવા-માટેલ રોડ પર ૨૭ એપ્રિલના રોજ મળી આવેલી અર્ધ સળગેલી લાશનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે, મધ્યપ્રદેશના છગનભાઈ નીનામાની હત્યા તેમની જ પત્ની સુમન, સાસુ દેવલીબેન અને પત્નીના પ્રેમી પવને મળીને કરી હતી. પત્ની અને સાસુએ છગનને વતનથી વાંકાનેર બોલાવ્યો હતો, જ્યાં પ્રેમી પવને તેને ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતાર્યો હતો. પુરાવાનો નાશ કરવા માટે મૃતદેહના હાથ બાંધી તેને સળગાવી દેવામાં આવ્યો હતો. એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે સીસીટીવી અને શ્રમિકોની પૂછપરછ દ્વારા મૃતકની ઓળખ કરી ત્રણેય આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમેરિકા-ઈરાન સમજૂતીને લઈ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરી ખુલશે

તહેરાન,તા.૦૭

અમેરિકા અને ઈરાન વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવા અંગે કરાર થયો છે. અમેરિકા નૌકાદળની નાકાબંધી હળવી કરશે, જેના બદલામાં ઈરાન આ વ્યૂહાત્મક માર્ગ ખુલ્લો મૂકશે. આ નિર્ણયથી વૈશ્વિક ઉર્જા પુરવઠો સુધરશે અને તેલના ભાવમાં રાહત મળશે. જોકે, બંને દેશોએ હજુ આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી.

**CHANGE OF NAME**

I Undersign I HIRANI AKHTARHUSAIN AKBARALI have changed my name from HIRANI AKHATARHUSEN AKBARALI To HIRANI AKHTARHUSAIN AKBARALI (New) Now i will be known as HIRANI AKHTARHUSAIN AKBARALI (new)

Sign : HIRANI AKHTARHUSAIN AKBARALI

Address: MAIN BAJAR, AT - MITHAPUR NAKKI DIST - AMRELI - 365640

# આતંકવાદને જડમૂળથી ખતમ કરવા ભારત કટિબધ્ધ:પ્રધાનમંત્રી મોદી

**પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પર ડીપી બદલી ઓપરેશન સિંદૂરનો લોગો મુક્યો**

નવી દિલ્હી,તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ઓપરેશન સિંદૂર'ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ભારતીય સશસ્ત્ર દળોની અપ્રતિમ બહાદુરી, સચોટતા અને દૃઢ નિશ્ચયને સલામ કરી છે.



સોશિયલ મીડિયા પર પોતાની પોસ્ટમાં વડાપ્રધાને જણાવ્યું કે, એક વર્ષ પહેલા ભારતીય સેનાએ પહેલગામમાં નિર્દોષ નાગરિકો પર હુમલો કરનારા આતંકવાદીઓને વળતો અને યોગ્ય જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ આજે આ પ્રસંગે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટનો 'ડીપી' (DP) બદલીને ઓપરેશન સિંદૂરનો લોગો અને ત્રિરંગો લહેરાવતું ચિત્ર મૂક્યું છે.

વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે, આ ઓપરેશન ભારતની આતંકવાદ સામેની 'ઝીરો ટોલરન્સ' નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના અટલ સંકલ્પનું પ્રતીક છે. તેમણે ઉમેર્યું કે, સંરક્ષણ ક્ષેત્રે 'આત્મનિર્ભરતા'એ દેશની સુરક્ષાને વધુ મજબૂત બનાવી છે અને ભારત આતંકવાદની સમગ્ર ઈકોસિસ્ટમને નાબૂદ કરવા માટે આજે પણ એટલું જ પ્રતિબદ્ધ છે.

# પીએમ મોદી તા.૧૦ના રોજ જામનગર પહોંચી રાત્રિ રોકાણ કરશે

જામનગર,તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૦ અને ૧૧ મે દરમિયાન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. કાર્યક્રમ મુજબ, ૧૦ મેના રોજ સાંજે તેઓ દિલ્હીથી સીધા જામનગર પહોંચશે અને ત્યાં રાત્રિ રોકાણ કરશે. ૧૧ મેના રોજ સવારે સોમનાથ મહાદેવના દર્શન અને પૂજા કર્યા બાદ તેઓ સોમનાથ ટ્રસ્ટના સભ્યો સાથે બેઠક યોજશે.

**:: જાહેર નોટીસ ::**

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, **(એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-પીયાવા ગામે ખેડુત ખાતા નં-૧૩૯ ની ખેતીના માલીકશ્રી વાંક જયરાજભાઈ જીલુભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૬૦ પૈકી ૩, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦-૫૭-૬૭, આકાર–૧૧.૧૭ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨માં ભાવનગર ડિસ્ટ્રીકટ કો.ઓપ.બેંક લી. વંડા શાખાના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

(૨) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-પીયાવા ગામે ખેડુત ખાતા નં-૮૩૧ ની ખેતીના માલીકશ્રી વાંક બિચ્છુભાઈ જીલુભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૬૦ પૈકી ૪, ક્ષેત્ર.હે.આરે.ચોમી.૦-૫૭-૬૭, આકાર–૧૧.૧૭ તથા સ.નં-૬૨ પૈકી ૫, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧–૧૭-૩૬, આકાર-૧૧.૦૦ વાળી ખેતીની જમીનો આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં ખાલપર સે.સ.મં.લી.નો બોજો રૂા.૨,૦૦,૦૦૦/- નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

**સ્થળ :- લીલીયા**
**તારીખઃ- ૭/૫/૨૦૨૬**

# બાબરાના કરીયાણા ગામની સીમમાં યુવકની તિક્ષ્ણ હથીયારના ઘા ઝીકી હત્યા








## કાયદો વ્યવસ્થાના લીરેલીરા ઉડ્યા, હત્યાનો સીલસીલો યથાવત

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં ખાખીનો ખોફ ઓસર્યો હોય તેમ હત્યાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. પોલીસની નબળી કામગીરીને કારણે ગૂનેગારોએ માથુ ઉંચક્યુ છે. જેમાં છેલ્લાં એક મહિનામાં પાંચથી વધુની હત્યાના બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. હજુ બે દિવસ પહેલા બગસરામાં થયેલી હત્યાની શાહી સુકાઈ નથી ત્યાં આજે બાબરાના કરીયાણા ગામમાં એક યુવકની નિર્મમ હત્યા કરી નાખવામાં આવતા લોકો હવે ખાખીની કામગીરી પર સવાલો ઉઠાવી રહ્યાં છે. બાબરામાં ગત સાંજના રોજ કરીયાણા ગામે એક દેવીપૂજક યુવાનને તિક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હત્યારાઓ ફરાર થઈ જતા સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જાણવા મળતી માહિતી મુજબ વીંછીયા તાલુકાના ફુલઝર અને હાલ મોરબી ગામે રહેતા ભરત વલ્લભભાઈ ઉગરેજીયા(ઉ.વ.૩૧) પોતાની કાર લઈને કરીયાણા ગામે જઈ રહ્યા હતા ત્યારે તેની પાછળ યુટીલીટી ગાડીમાં ૧૦થી ૧૨ શખ્સોએ પીછો કર્યો હતો. પોતાને મારવા માટે જ આ શખ્સો આવ્યા હોવાની જાણ ભરતને થતા તેમણે ગાડી ભગાવી હતી પરંતુ ગાડી બંધ પડી જતા યુવક ગાડીમાંથી ઉતરી ભાગવા લાગ્યો હતો અને તેની પાછળ શખ્સો દોડ્યા હતા જો કે ગામની સીમમાં તળાવ આવી જતા યુવક ત્યાં ઉભો રહી જતા શખ્સોએ એક સંપ કરી યુવક પર તિક્ષ્ણ હથીયારના ઘા ઝીકી ઢીમ ઢાળી દીધુ હતુ. હત્યા કર્યા બાદ શખ્સો ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની બાબરા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ દોડી આવી હતી. મૃતકની લાશને બાબરા પોસ્ટમાર્ટમ માટે ખસેડવામાં આવી હતી. આ હત્યા શા માટે કરવામાં આવી હતી તેની પોલીસ તપાસ કરી રહી છે અને હત્યા કર્યા બાદ નાસી છુટેલા શખ્સોને ઝડપવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### જુના મનદુઃખમાં હત્યા થઈ હોવાની ચર્ચા

જાણવા મળતી માહિતી મુજબ મૃતક ભરતની એક બેન બાબરા અને એક બેન રાજકોટ સાસરે છે. જેમાં મૃતક ભરતને બનેવી સાથે મનદુઃખ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. આ બાબતે પહેલા પણ માથાકૂટ થઈ હતી જેની તપાસ ચાલી રહી છે. મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે બાબરા પોલીસે નિવેદન લખાવવા માટે ભરતને બોલાવ્યો હતો ત્યારે પરિવારજનોએ હુમલાની આશંકા વ્યકત કરી હતી. જો કે મૃતકના પરિવારજનોના આક્ષેપને બાબરા પીઆઈએ ફગાવી દીધા છે. મૃતક છેલ્લાં ઘણા વર્ષોથી પોતાના પરિવાર સાથે મોરબી રહેતો હોય તો બાબરાના કરીયાણા ગામે શા માટે આવ્યો તે પણ તપાસનો વિષય છે.

### ગાડી બંધ પડતા જ યુવકને મોત આંબી ગયુ

લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ યુવાન લાલ ગાડી લઈને કરીયાણા ગામની સીમમાં જઈ રહ્યો હતો ત્યારે અચાનક પાછળ યુટીલીટીને આવતા જોતા ગાડી ભગાવી હતી પરંતુ ગાડી રસ્તામાં બંધ પડી જતા યુવક ગાડીમાં કુદ્યો હતો અને સીમમાં નાસવા લાગ્યો હતો જયારે તેની પાછળ ૧૦થી ૧૨ અજાણ્યા શખ્સો દોડ્યા હતા અને કોઈપણ ભોગે યુવકને પતાવી દેવાના ઈરાદા સાથે જ યુવક પર તિક્ષ્ણ હથીયાર ઘા ઝીંકી દેતા યુવક ત્યાં ઢળી પડ્યો હતો.

### મૃતક યુવાનના પરિવારે ફુલઝર ગામ 30 વર્ષ પહેલા છોડી દીધુ હતું

વીછીયાના ફુલઝર ગામના સરપંચના જણાવ્યા મુજબ ભરત ઉગરેજીયાના પરિવારે ૩૦ વર્ષ પહેલા ફુલઝર ગામ છોડી દીધુ હતુ અને તેનો પરિવાર મોરબી સ્થાયી થયો છે તો આ યુવાન મોરબીથી કે ફુલઝર ગામથી કરીયાણા ગામે આવ્યો હતો કે કેમ અને આ યુવાનની હત્યા શા માટે કરવામાં આવી તે હત્યારાઓ ઝડપાઈ જાય પછી ખબર પડશે. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મૃતક ભરત સામે મોરબીમાં પણ ગૂન્હાઓ નોંધાયેલા છે.

### મૃતકના પરિવારજનોને મોરબી જાણ કરવામાં આવી

જાણવા મળતી માહિતી મુજબ મૃતક ભરત વલ્લભભભાઈ ઉગરેજીયા પરિણીત છે અને તેમનો પરિવાર મોરબી રહેતો હોવાની પોલીસને માહિતી મળતા પોલીસે સ્થાનિક પોલીસનો સંપર્ક કરી તેમના પરિવારજનોને માહિતી આપતા મૃતકના પરિવારજનો બાબરા આવવા માટે નીકળી ગયા હોવાનું જાણવા મળ્યુ છે. મૃતકને કોઈ સાથે દુશ્મનાવટ હતી કે કેમ? તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

